॥ શ્રી ઉમાયૈ નમઃ ॥





બ્રહ્મલીન સંત
શ્રી ઈશ્વરરામજી મહારાજ



બ્રહ્મલીન સંત
શ્રી લાલરામજી મહારાજ



આદ્યસુધારક
શ્રી નારણજી રામજી લીંબાણી



બ્રહ્મલીન સંત
શ્રી ઓધવરામજી મહારાજ



બ્રહ્મલીન સંત
શ્રી વાલદાસજી મહારાજ

ગુરુબ્રહ્મા ગુરુર્વિષ્ણુ: ગુરુર્દેવો મહેશ્વર: ।
ગુરુ: સાક્ષાત્પરં બ્રહ્મ તસ્મૈ શ્રીગુરવે નમ: ।।



# नूतन समाजवाडी भवन



# સમાજના પાયાના પથ્થર

**શ્રી દરસડી પાટીદાર સનાતન સમાજના ક્રાંતિવીર**

**સ્વ. શ્રી રવજી હીરજી ડાયાણી**
**(જન્મ: ૦૨/૦૭/૧૯૧૯ સ્વર્ગવાસ: ૦૫/૦૨/૧૯૮૮)**

શ્રી દરસડી પાટીદાર સમાજમાં સનાતની ચળવળના પ્રણેતા, પોતાની શ્રધ્ધાની બાંધછોડ ન કરનાર, અડગ મનોબળ, સ્પષ્ટ નિતી-વક્તા ધરાવતા. સ્વ. શ્રી રવજી હીરજી ડાયાણીનો જન્મ દરસડી કચ્છ મધ્યે થયેલ તેમનો અભ્યાસ પ્રાથમિક દરસડી સ્કુલ અને ગઢસીસા સરકારી શાળામાં ધો. ૫ સુધી થયેલ, પરિવારની આર્થીક પરિસ્થિતીને ધ્યાનમાં રાખી, તેઓએ મુંબઈ તરફ પ્રયાણ કરેલ અને વિવિધ ક્ષેત્રે નોકરી કરેલ,મુંબઈ સ્થિત મરીવાળા શેઠને ત્યાં નોકરી કરતા હતા. તે શેઠના ઘરનું રીપેરીંગ કામ તેમજ તેમના ગોડાઉનનું રીપેરીંગ કાર્ય સંપૂર્ણ જવાબદારી લઈ પૂર્ણ કરાવેલ. સ્વ. શ્રી રવજીબાપાનો કાર્યશૈલી, ઈમાનદારી જોઈ મરીવાળા શેઠ દ્વારા તેમને ૧૯૪૬ બાદ મુંબઈ પોર્ટ ટ્રસ્ટ ગોદીમાં ધડાકા થવાથી ઘણા ગોડાઉન તુટી ગયા હતા, તેમજ રીપેરીંગ કરવા લાયક થયેલ, તેને નવા બનાવવા, રીપેરીંગ કરવા વગેરેના કોન્ટ્રાક્ટ મરીવાળા શેઠના સહયોગથી મેળવેલ, આ કાર્યમાં સફળતા મળતા તેઓએ મેસર્સ રવજી હીરજી એન્ડ કાું. ની સ્થાપના કરેલ તેમના ભાગીદારો (૧) સ્વ. શ્રી રવજી હીરજી ડાયાણી, (૨) સ્વ. શ્રી જીવરાજ હીરજી ડાયાણી, (૩) સ્વ. શ્રી શામજી શીવજી ડાયાણી, (૪) સ્વ. શ્રી કરમશી હીરજી પોકાર દ્વારા બાંધકામ ક્ષેત્રમાં મુંબઈ, કચ્છ મધ્યે નામના પ્રાપ્ત કરેલ, તેઓએ ઘણી શૈક્ષણિક સંસ્થાની સ્કુલો-કોલેજોનું બાંધકામ કરેલ અને ભાગીદારી પેઢી વતી સખાવતી દાન પણ અર્પણ કરતા.

તેઓનો પરિવાર ઘણા વર્ષોથી સનાતન ધર્મના સંગમાં ઉત્સવ વગેરે ઉજવતા, તેમનું જીવન પ્રખર સનાતની હોવાથી દરસડી મધ્યે શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિર બનાવવા તેમજ શ્રી દરસડી પાટીદાર સનાતન સમાજની રચના/સ્થાપના કરવા ઘણી મહેનત કરેલ અને તેમના બંધુ સ્વ. જીવરાજ હીરજી ડાયાણી અને સ્વ. શામજી શીવજી ડાયાણી અને સનાતની ભાઈએ સાથે મળી મુંબઈ મધ્યે શ્રી દરસડી પાટીદાર સનાતન સમાજની રચના / સ્થાપના કરવામાં મુખ્ય ભુમિકા નિભાવેલ.

દરસડી ગામ તેમના માટે કર્મક્ષેત્ર અને ધર્મક્ષેત્ર હતું, આવા કર્તવ્ય પરાયણ, સમાજ સેવક, ધર્મનિષ્ઠ, સરળ જીવન, પ્રખર સનાતની, તેમના બતાવેલ આદર્શોનું જીવનમાં અપનાવીએ, એ જ તેમને આપેલ સાચી શ્રધ્ધાંજલી / સ્મરણાંજલી.

આજના સુવર્ણ મહોત્સવના શુભ અવસર પર યાદ કરતા આપણું મસ્તક ગર્વથી ઉચું થાય છે.





# સમાજના પાયાના પથ્થર

## સનાતન સમાજના અદના કાર્યકર

### સ્વ. શ્રી જીવરાજભાઈ હીરજી ડાયાણી
**(જન્મ : ઈ.સ. ૧૯૨૦ - સ્વર્ગવાસ: ૧૦/૦૯/૧૯૭૯)**

પ્રખર સનાતની સ્વ. શ્રી જીવરાજભાઈ હીરજીભાઈ ડાયાણીનો જીવન પરિચય એટલે સ્પષ્ટ વક્તા અને કાર્યને સમયબધ્ધ પૂર્ણ કરવાવાળા.

તેઓ સ્વ. રવજીભાઈ હીરજીભાઈ ડાયાણીના નાનાભાઈ, જેમ કે બન્નેભાઈ એટલે રામ-લક્ષ્મણની જોડી, જીવનમાં અનેક તકલીફો વેઠી, તેમના મોટાભાઈના નામથી પ્રચલીત ભાગીદારી પેઢી મેસર્સ રવજી હીરજી એન્ડ કું. ના ભાગીદારના કર્તવ્ય પરાયણ થઈ બાંધકામ ક્ષેત્રમાં મુંબઈ-કચ્છમાં નામ રોશન કરેલ.

આજીવીકા માટે મુંબઈ સ્થળાંતર કરેલ પરંતુ, મુંબઈનું હવામાન માફકસર ન આવતા શરીરમાં તકલીફ થવાથી તેમજ પારીવારીક જવાબદારીથી દરસડી-કચ્છ પરત આવ્યા અને કચ્છમાં મેસર્સ રવજી હીરજી એન્ડ કું. ના નામે ઘણી સરકારી બાંધકામનો કોન્ટ્રાક્ટ મેળવેલ, જેમાં ભુજ એસ.ટી.ડેપો, લાલન કોલેજ, અંજાર જનરલ હૉસ્પીટલ, જે. બી. ઠક્કર કોમર્સ કોલેજ વગેરે સાથે સાથે દરસડી વિકાસના કાર્યો પોતાના પર જવાબદારી લઈ પૂર્ણ કરાવેલ જેવા કે પ્રાથમિક શાળા, દરસડી પાણી પુરવઠા યોજના (પંચાયત) વગેરે, જે આજે પણ તેમના કરેલા કાર્યો આપણી સમક્ષ છે.

શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરના બાંધકામની સંપૂર્ણ જવાબદારી શ્રી રવજી હીરજી એન્ડ કું. દ્વારા લેવામાં આવી હતી. તેમના ભાગીદાર સ્વરુપે સ્વ શ્રી. જીવરાજભાઈ હીરજીભાઈ ડાયાણીએ પૂર્ણ કરાવેલ, આ કાર્યમાં તેઓએ તન, મન અને ધનથી સેવા અર્પણ કરવામાં આવેલ. તેઓ દ્વારા કરવામાં આવેલ અમુલ્ય કાર્યોનું ફળ અને સુગંધ આજ શ્રી દરસડી પાટીદાર સનાતન સમાજ માણી રહ્યો છે, આવા ભેખધારી સેવકની અહીં આજના સુવર્ણ મહોત્સવના પ્રસંગ પર આપણે શુભ કાર્યો તેમની જેમ કરતા રહીએ. જે એમને આપેલ સાચી સ્મરણાંજલી.



# સમાજના પાયાના પથ્થર

**ધાર્મિક અને સામાજીક વિકાસકાર્યોના શિલ્પી**

## સ્વ. શ્રી શામજીભાઈ શીવજીભાઈ ડાયાણી
**(જન્મ : મકર સંક્રાંતિ ઈ.સ. ૧૯૧૫ સ્વર્ગવાસ : ૦૨/૧૦/૨૦૦૭)**

સ્વ. શ્રી શામજીભાઈ શીવજીભાઈ ડાયાણી જેઓ પ્રખર સનાતની, જીવનભર સાદગી, ઓછું બોલવું, જે કાર્યની જવાબદારી સંભાળે છે, કાર્ય ખંત/ધગસ ઉત્સાહ અને ચોકસાઈથી કાર્ય કરવાવાળા, તેમની આ કાર્યશૈલીની યાદગીરી એટલે ''પાટીદાર વાડી-ઘાટકોપર-મુંબઈ''

આપણા વડીલ સ્વ. શ્રી શામજીબાપાનું શિક્ષણ, દરસડી ગામની પ્રાથમિક શાળા સાથે ધો. ૫ સુધીનો અભ્યાસ કરેલ, આજીવિકા માટે શાળામાં શિક્ષક તરીકે નોકરી, કપાસની જીનીંગ મીલ, તેમજ બાંધકામની પેઢી, ભાણજી ખેતશી એન્ડ કું. માં અનુભવ મેળવી, મુંબઈ મધ્યે તેમના પરિવારના ભાઈઓ સાથેની ભાગીદારી મેસર્સ રવજી હીરજી એન્ડ કું. ને તેમના અનુભવનો લાભ મળેલ અને બાંધકામ ક્ષેત્રે સોપાન સર કરેલ, તેઓ જે જવાબદારી સંભાળતા તે ખંત અને ધૈર્યથી પૂર્ણ કરતા, શ્રી દરસડી પાટીદાર સનાતન સમાજ તેમજ પાટીદાર સમાજ મુંબઈ મધ્યે કરેલા કાર્યોના મીઠાફળનો સ્વાદ માણી રહ્યા છીએ. તેમને પ્રશંસાપત્ર કરેલા કાર્યો ઘરમાં નળથી પાણી યોજના, પ્રાથમિક શાળા,પબ્લીક હેલ્થ સેન્ટર, શ્રી લક્ષ્મીનારાયણ મંદિર-દરસડી વગેરે.

તેમના પિતાશ્રી સ્વ. શીવજીભાઈ પેથાભાઈ ડાયાણીના યાદગીરીમાં આપણા ગામના હાઈસ્કુલ બનાવેલ છે. જેનો લાભ આપણા ગામના તેમજ આજુબાજુના ગામના વિધાર્થીઓ લઈ રહ્યા છે. આ હાઈસ્કુલનું સંચાલન ''સારસ્વતમ'' સંસ્થા કરે છે. આ સંસ્થા પણ આપણા વડીલ સ્વ. શીવદાસ ગોવિંદ છાભૈયા દ્વારા સંચાલન કરવામાં આવ્યું હતું.

સ્વ. શ્રી શામજીભાઈ શીવજીભાઈ ડાયાણીનું જીવન સાદગી ભર્યુ, નિ:સ્વાર્થ સેવાભાવી, સમાજ સુધારકના કરેલા કાર્યોને આગળ ધપાવીએ, એ જ આજના સુવર્ણ મહોત્સવના પ્રસંગેની સાચી સ્મરણાંજલી.



# સમાજના પાયાના પથ્થર

**સમાજ ગૌરવ**

**સ્વ. શ્રી શીવદાસ ગોવિંદ છાભૈયા**
**(જન્મ : તા. ૨૫/૦૧/૧૯૨૯ સ્વર્ગવાસ: ૧૫/૦૧/૨૦૨૩)**

આજે આપણે કચ્છ કડવા પાટીદાર સમાજનું ગૌરવશાળી, માર્ગદર્શક, સેવાભાવી મોભી સ્વ. શ્રી શીવદાસ ગોવિંદ છાભૈયા ખડતલ, ભેખધારી, ચતુર રાજકારણીના કાર્યો કે પરોપકારના કાર્યો હોય તો જીવન સૈયા સંકેલી ત્યાં સુધી કરતા રહ્યા, પોતાનું નામ કચ્છ અને આપણી પાટીદાર સમાજમાં પ્રેરણાદાયી માર્ગ બતાવી ગયા.

તેઓ રાજકારણમાં રહી કચ્છ જીલ્લાના પ્રમુખ પદે કાર્યરત રહી વાંઢાય-લુડવાનો નવો રસ્તાની પરવાનગી મેળવી. નવો ડામર રોડ બનાવ્યો. જે આજે આપણને ઉમિયા માતાય-વાંઢાય જવા-આવવા માટે બહુજ અગત્યનો માર્ગ ઉપયોગી થયો છે.

તેઓએ રાજકીય, સામાજીક અને અન્ય સેવાના વિવિધ ક્ષેત્રમાં ૬૦ વર્ષથી વધુ જીવદયા, આરોગ્ય, ગ્રામ્ય વિકાસ, સહકારી પ્રવૃત્તિના ઉચ્ચ સ્થાને શોભાવી સેવાના કાર્યો કર્યા. આપણા ગામની સ્વ. શીવજી પેથા ડાયાણી હાઈસ્કુલ જે સારસ્વતમ સંસ્થા દ્વારા સંચાલિતના મહામંત્રી પદે રહી ૨૭ હાઈસ્કુલ, આંગણવાડી, મહીલા વર્કીંગ હોસ્ટેલ-ભૂજનું ૪૫ વર્ષ સુધી સંચાલન કરતા રહ્યા હતા. તેમજ શ્રી રણછોડરાય સત્સંગ મંડળ ટ્રસ્ટના ટ્રસ્ટી રહી દર મહિનાના તા. ૨૧ ના આંખના રોગનું નિદાન કેમ્પનું આયોજન કરતા,નિદાન થયેલ દર્દીના આંખના મોતિયાના ઓપરેશન કોઈપણ ચાર્જ લીધા વિના એટલે ફ્રી માં ૩૦ વર્ષ સુધી કરતા રહ્યા. આજીવન સુધી વિવિધ સંસ્થાના પ્રમુખ, ડાયરેક્ટર, માનદમંત્રી ના પદ શોભાવી સંસ્થા અભિયાન-ભુજ, કચ્છ જીલ્લા પાંજરાપોળ-સંગઠન, ભુજ પાંજરાપોળ, કચ્છ જીલ્લા જમીન વિકાસ બેંક વગેરેમાં સેવાના કાર્યો કર્યા. પાટીદાર સનાતન સમાજના પ્રખર સનાતની, દરસડી ગામ વિકાસના સેવક, માર્ગદર્શક, શ્રી અ.ભા.ક.ક.પા. સમાજના ટ્રસ્ટી, શ્રી પાટીદાર સર્વોદય ટ્રસ્ટના ટ્રસ્ટી, દરસડી ગામના સરપંચના હોદ્દા સંભાળેલ. પબ્લિક હેલ્થ સેન્ટરને દરસડીમાં લાવવાનો મુખ્ય ચળવળ કર્તા, આ હેલ્થ સેન્ટરનો લાભ આજ ગામવાસી તેમજ આજુબાજુના ગામવાસી મેળવી રહ્યા છે.

કર્મનિષ્ઠ સેવાભાવી વડીલ સ્વ. શ્રી શીવદાસ ગોવિંદ છાભૈયાના નામ કરતા ''બાપા'' ના હુલામણા નામથી પ્રચલિત હતા.

આજના શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન મંદિરના સુવર્ણ મહોત્સવ પ્રસંગે તેમના કરેલા કાર્યોને આગળ ધપાવીએ એજ સાચી સ્મરણાંજલી.



# સમાજના પાયાના પથ્થર

### ગામના હિતચિંતક વડીલ

## સ્વ. શ્રી ભાણજી ખેતશી ચૌહાણ

**જન્મ: તા. ૧૯/૦૬/૧૯૩૩ સ્વર્ગવાસ: ૨૦/૧૨/૧૯૮૭**

રોજગાર અર્થે કરાચી ગયેલ અને ભારત આઝાદ થયું એનાથી થોડા વર્ષો પહેલા માદરે વતન કચ્છ પાછા આવી ને જૈન શ્રેષ્ઠીઓના કન્સ્ટ્રકશન કામ કર્યા. જૈનોના કામની ગુણવત્તા તથા ચોકસાઈ જોઈને નાગર ઈજનેર એ ભાણજી ખેતશીને સરકારી કામ કરવા માટે કોન્ટ્રાક્ટર બનાવ્યા અને એમના કાર્યકાળ દરમ્યાન દેશ ને આઝાદી મળી અને આ સમયમાં આપણા ભાઈઓ જે કરાચીથી પહેરેલે લુગડે વતન પરત આવ્યા તેમને સાથે રાખીને કન્ટ્રકશન કામમાં ભાગીદારી આપીને પગભર કર્યા. ભાણજી ખેતશી કાં. એ તેમના કાર્યકાળમા લગભગ ૧૮ જેટલા ડેમોના કામ કર્યા. તથા રોડના પણ કામકર્યા જેમા માંડવી શહેરનો પ્રથમ સી.સી. રોડ પણ બનાવ્યો. આ સિવાય ધર્મશાળાઓ તથા અન્ય કચેરીના કામો પણ કર્યા.

ગામ પ્રત્યેના લગાવને લઈને દરસડી ગામમા સરકારી સ્કુલ બને તે માટે સરકારી અધિકારીઓ સાથે બેઠકો કરી ગામની સ્કુલ મંજૂર કરાવી અને તે સ્કુલ નું બાંધકામ જાતે કર્યું અને સ્કૂલ બનાવવા માટે માતબર રકમનો ફાળો પણ આપ્યો.

ત્યાર બાદ સરકારી દવાખાના માટે દોડભાગ ચાલુ કરી. એ વખતે હૉસ્પીટલ ગઢસીસા ગામમા બનવાની હતી જે સરકારી સાહેબો સાથેના સારા સબંધોથી આપણા ગામ માટે મંજુર કરાવીને લઈ આવ્યા.

ગામ માટે લાઈટની સુવિધાઓ માટે પણ ખુબજ મહેનત કરીને દરસડી ગામને લાઈટ પણ પોચાડવામા પણ સહકાર આપ્યો.

દરસડી ગામના મંદિરની મૂર્તિઓ રાજસ્થાનથી પોતાની જીપનો ઉપયોગ કર્યો તથા પાછળથી મંદિર જગ્યામાં સંકડાસ થતો હોવાથી પોતાના પુત્ર વિસનજી ભાણજીને મંદિરને જગ્યા આપવા માટેની પ્રેરણા આપી જે પૂર્ણ થઈ.

આવા પાયાના પત્થર જેવા દાતા અને કર્મવીરને સુવર્ણ મહોત્સવ પ્રસંગે યાદ કરતાં ગર્વ અનુભવીએ છીએ.



# સમાજના પાયાના પથ્થર

**માનવતાના પ્રણેતા**

**સ્વ. લખમશીભાઇ લધાભાઇ વાસાણી**
**જન્મ: ૧૫/૦૪/૧૯૩૪ સ્વર્ગવાસ: ૨૩/૦૭/૨૦૧૧**

એક મહેનતું, સાહસિક, જીંદાદિલ વ્યક્તિ ન કોઈ હોદ્દો, ન હોદ્દાની મહત્વકાંક્ષા કે ઈચ્છા એમ કહેવામાં અતીશયોક્તિ ન કહેવાય. એવા આપણા સ્વ. વડીલ શ્રી લખમશીભાઈ લધાભાઈ વાસાણી તેમને આજના પ્રસંગે આપણે સ્મરાણાંજલી અર્પણ કરીએ અને સમાજ સમક્ષ એવા ઉદાહરણને ઉજાગર કરીએ જેમની સમાજ પ્રત્યેની સમર્પણ અને ત્યાગની ભવનમાંથી આપણી ભાવી પેઢી પ્રેરણા લઈ શકે.

સ્વ. વડીલ શ્રી લખમશીભાઈ લધાભાઈએ ભરયુવાનીમાં માતૃશ્રી મુળીબેન અને પિતાશ્રી સ્વ. લધાભાઈ મેઘજીની છત્રછાયા ગુમાવેલ, પણ પોતાને દિર્ઘદષ્ટિ અને મહેનતું સ્વભાવ, નાના નાનીના આશીર્વાદ, સાદી જીવન શૈલી, પરોપકાર તેમજ જીવનમાં સંઘર્ષમય કાર્યોને કરવાની પ્રેરણા મળેલ.

લગભગ ૧૯૫૧ની આસપાસ મુંબઈમાં આવી અને સુથારી કામની મજુરી કરી. ત્યાર બાદ સુથારી કોન્ટ્રાક્ટ રાખવા લાગ્યા. તેમને ભગવાન અને વડીલશ્રી તેમના ગુરુ માર્ગદર્શક સ્વ. શ્રી સામજી શીવજી ડાયાણીના આશીર્વાદ તેમના જીવનમાં પ્રગતી મેળવવા ફળદાયી નિવડ્યા, તેમના ગુરુ માર્ગદર્શકના જીવનના મુલ્યો અને આદર્શ વિચારો જીવનભર અપનાવેલ. તેમના ગુરુ સ્વ. સામજી શીવજી ડાયાણીએ તેમનામાં કામ કરાવાની કળા, કસબ, ધગસ, કામની ચીવટતા જોઈ, પાટીદાર વાડી ઘાટકોપરના ટ્રસ્ટી તરીકે પાટીદાર વાડીનું બાંધકામ, બારી દરવાજા વગેરેનું કામ અપાવેલ, જે આજે આપણે પાટીદાર વાડી ઘાટકોપર જોઈને ગર્વ અનુભવી શકીએ અને તેમને સમયાનુસાર દાન પણ આપેલ. વર્ષ ૧૯૬૬ થી સામાજીક પ્રવૃત્તિમાં જોડાયેલ આપણા ગામના વિકાસ કાર્યો હોય કે પાટીદાર સમાજના કાર્યો હોય તેમાં પ્રવૃત રહેતા. આ પ્રવૃતી નિષ્ઠા પુર્વક કાર્યને અનુરુપ પાટીદાર વાડી ઘાટકોપર ૧૯૭૪માં મેનેજીંગ ટ્રસ્ટીનો હોદ્દો મળ્યા બાદ મુંબઈમાં પાટીદાર સમાજની સેવા કરેલ. તેમજ પ્રગતીના પંથે લઈ જઈ શક્યા. શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ સંચાલિત પાટીદાર વાડી (ભવન) ઘાટકોપર, ડોંબીવલી, બોરીવલી મધ્યે ગૌરવ ભર્યુ દાન આપેલ. તેમના સ્વર્ગસ્થા માતૃશ્રી મુળીબેન લધાભાઈ વાસાણીના સ્મરણાર્થે ચેરીટેબલ ટ્રસ્ટ બનાવેલ અને આ ટ્રસ્ટ જરૂરિયાત મંદ લોકોને અવિરત પણે મેડીકલ, શૈક્ષણિક તેમજ આર્થિક સહાય કોઈપણ નાત જાતના ભેદભાવ વગર કરે છે. દરસડી ગામ સીવાયની પાટીદાર સમાજની ધાર્મીક, શૈક્ષણીક તથા તબીબી ક્ષેત્રે અમુલ્ય યોગદાન આપેલ હતું. આજના શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન મંદિરના સુવર્ણ મહોત્સવ પ્રસંગે તેમના કરેલા કાર્યો અને આપેલ યોગદાનને આગળ ધપાવીએ એ જ સાચી સ્મરણાંજલી.



# સમાજના પાયાના પથ્થર

**દીન દુ:ખીયાના બેલી**

**સ્વ. અરજણ લાલજી છાભૈયા**

**જન્મ : ૧૩/૦૯/૧૯૨૬ સ્વર્ગવાસ : ૧૩/૦૩/૨૦૦૮**

વૈષ્ણવ જનતો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે....

આવા પરદુ:ખભંજન શ્રી અરજણ બાપાનો જન્મ કચ્છમાં થયો હતો. માત્ર ચાર ચોપડીના ભણતર અને દરિયાદિલી જેવી ગણતરીથી મુંબઈને પોતાની કર્મભુમિ બનાવી. તેમની આગવી હૈયા સુઝે, ધગશ, વ્યવહાર કુશળતા અને જાત મહેનતથી મુંબઈમાં બાંધકામ ક્ષેત્રે જવલંત સફળતા પ્રાપ્ત કરીને પ્રગતિના સોપાન સર કરી ''શૂન્ય માંથી સર્જન'' કર્યું.

તારે આંગણીયે કોઈ આવે તો આવકારો મીઠો આપજે.


એવી અજાતશત્રુ જેવી ઉચ્ચ ભાવના એમના હૈયામાં રહેતી. આવી પરોપકાર વૃત્તિના કારણે તેમણે કચ્છમાં ઘણાં મંદિરો, જેવા કે બિલેશ્વર મહાદેવ, દરસડી ગામે શિવ મંદિર, રાધાકૃષ્ણ મંદિર, રામાપીર મંદિર, લક્ષ્મીનારાયણ મંદિર વગેરેમાં પોતાનું યોગદાન આપેલ છે.

દરસડી ગામે ગૌશાળા, સ્મશાન ગૃહ, હાઈસ્કુલ, બાલ ઉદ્યાન, પાણી યોજના માટે સતત અંગ્રેસર રહી દાનનો પ્રવાહ વહેવડાવી ગ્રામવાસીઓને મદદરૂપ થયાં છે. મુંબઈમાં પાટીદાર વાડી ઘાટકોપર, બોરીવલી, તેમજ ડોંબીવલીના ટ્રસ્ટી પદે રહીને તન, મન અને ધનથી કાર્ય કરેલ છે.

શૈક્ષણિક ક્ષેત્રે મુંબઈમાં મલાડ બોરીવલી સ્કુલના ટ્રસ્ટી પદે રહીને વિદ્યાર્થીઓને સહાય કરી, માં સરસ્વતી શારદાની સેવા કરેલ છે.

પૈસાને પચાવી જાણનાર આ દાનવીરે શ્રીમંતાઈને તિજોરીમાં પુરીને નહીં, પરંતુ સમાજમાં ભામાશા બની સમાજ કલ્યાણમાં ધનનો સદઉપયોગ કર્યો છે. આવા દિલેરી દાતા જેમણે દરસડી ગામનાં સર્વે લોકોના દિલ જીતેલા હતા, તેમને આજ ના સુવર્ણ જયંતિ પ્રસંગે યાદ કરી ગૌરવ અનુભવીએ છીએ. તેમની દાતારી અને ઉદારતા તેમનાં જીવ સંગીની વનીતા બા અને શ્રવણસમ પુત્ર જયંતિભાઈ અને હરેશભાઈ પણ નિભાવી રહ્યા છે એ માટે આજના આ સુવર્ણ મહોત્સવ પ્રસંગે તેમને યાદ કરતાં ગૌરવ અનુભવીએ છીએ.

# ઈતિહાસમાં ડોકીયું



આશરે ૫૦૦ વર્ષ પુર્વે દરસડી ગામનું તોરણ કાઠીદરબાર દેશલસર સીંગના હસ્તે બાંધવામાં આવેલું. આ ગામ ત્યારે હાલે જે મંછામાતાનો છેલ્લો છે ત્યાં વસેલુ હતું. આ કાઠી દરબાર સાથે સેંઘાણી પરિવારના વડીલો આવેલ હતા. જે પટેલવાળા તરીકે ત્યારે ઓળખાતા અને હજી પણ એ નામે ઓળખાય છે. આ પછી અલગ અલગ નુખના વડીલો આવતા ગયા અને આજની જગ્યાએ આપણા આ ગામનો વિકાસ થયો.

(ઉપરોક્ત માહિતી ભુ.પુ. સરપંચ શ્રી જટુભા લઘુભા જાડેજા દ્વારા મળેલ છે.)

આપણા ગામ દરસડીમાં સનાતન સમાજની રચના વર્ષ ૧૯૬૭માં મુંબઈ મધ્યે કરવામાં આવેલ તે પહેલા ગામનું સંચાલન 'શ્રી દરસડી પાટીદાર સમાજ - મુંબઈ'ના નામથી થતું હતું. શ્રી દરસડી પાટીદાર સમાજ મુંબઈમાં ધાર્મિક બાબતે મતભેદ હતા, તેમાં સનાતન અને સતપંથ ધર્મ પાળનારો વર્ગ હતો. તેમાં ધર્મના નામે વિખવાદ થતાં મુંબઈ રહેતા દરસડી ગામના સનાતની વિચારસરણી ધરાવતા ભાઈઓએ એક અલગ સમાજની રચના કરી. જેનું નામ 'શ્રી દરસડી પાટીદાર સનાતન સમાજ' રાખવામાં આવ્યું. તા. ૨૫-૧૧-૧૯૯૬ ના રોજ કાયદેસર રીતે નવા ટ્રસ્ટીઓ નીમવામાં આવ્યા

૧) શ્રી શિવદાસ ગોવિંદ છાભૈયા
૨) શ્રી જીવરાજ હીરજી ડાયાણી
૩) શ્રી અરજણ સોમજી ચૌહાણ
૪) શ્રી જીવરાજ સોમજી પોકાર
૫) શ્રી પુંજા અરજણ લિંબાણી
૬) શ્રી સોમજી મેઘજી સેંઘાણી
૭) શ્રી મનજી કરસન ચૌધરી

ઉપરોક્ત કાર્યવાહી કરવામાં શ્રી રવજી હીરજી ડાયાણીએ આત્મબળથી પોતાનાં તન, મન અને ધનના ભોગે કરેલ હતી. આ સાથે સનાતની વિચારસરણીવાળા ભાઈઓ સાથે ચર્ચા વિચારણા કરી અલગ 'શ્રી લક્ષ્મીનારાયણ મંદિર' બનાવવાનું નક્કી કરવામાં આવ્યું.

જગ્યાની શોધખોળના અંતે શ્રી નારણ વીરજી લિંબાણીની જગ્યા અનુકુળ લાગી અને તે વેચાણથી ખરીદી કરવામાં આવી. ત્યાં હાલમાં મંદિર ઉભું છે. આ જગ્યાની જોડે ઠા. મોરારજી નારણજીની દુકાન હતી, જેમાં વેપાર ચાલુ હતો. તેઓએ સમાજનું હિત ધ્યાનમાં લઈ બદલામાં માત્ર જમીન લઈ આ દુકાન ખાલી કરી આપી અને સમાજ ઉપર ઉપકાર કર્યો.

બીજી બાજુ આ મંદિરને અડીને દક્ષિણે સ્વ. મેઘજી અરજણ વાસાણીનાં રહેણાંકના મકાનો હતા. તે મકાન સાથેની આશરે બેહજાર ચારસો ફૂટ જેટલી વિશાળ જગ્યા એમણે સમાજને બિનશરતે ભેટમાં આપી દીધી તેમજ તેમના પૌત્ર લખમસીભાઈને  માતબર રકમ લોન પેટે મંદિરના બાંધકામ વખતે આપેલ. તે લોન પાછી ન લેતા સમાજમાં નવી ચેતના આવી, આનંદ અને ઉત્સાહ વધ્યો. વિશેષમાં આ જગ્યાની જોડે જ એક ડેલો જે ગોવિંદ કરસન ભગતનો હતો તેમણે પણ તેના બદલે બીજી જગ્યા લઈ સમાજને ખાલી કરી આપ્યો.

હવે રહ્યું મંદિર બનાવવાનું મુખ્ય કાર્ય. આ કાર્ય તે વખતે આપણા માટે મહાન ભગીરથ હતું. સમાજના હાથ ખાલી હતા. જુના મંદિરના બદલામાં મળેલું યોગદાન તો જમીન મેળવવામાં ખર્ચાઈ ગયું. બીજે હાથ લંબાવવાવું આપણને યોગ્ય ન લાગ્યું. તેથી સભ્યો પાસેથી જ ફંડ દ્વારા રકમ ઉભી કરવામાં આવી. તે વખતે સભ્યોની સંખ્યા પણ ઓછી હતી, બલકે ઉત્સાહ ઘણો હતો, જેથી લોકોએ ઉત્સાહથી ફાળો આપ્યો અને કાર્યની શરૂઆત કરવામાં આવી.

સૌ પ્રથમ ભુમિપુજન સં. ૨૦૨૮ મહાસુદ ૫ (વસંતપંચમી) ને તા. ૨૦-૦૧-૧૯૭૨ ને ગુરૂવાર ના રોજ સ્વ. શ્રી જીવરાજભાઈ હીરજી ડાયાણીના શુભ હસ્તે કરવામાં આવ્યું અને ખાતમુર્હૂત સ. ૨૦૨૮ના વૈશાખ સુદ (અખાત્રીજ) ને તા. ૧૫-૦૫-૧૯૭૨ સોમવારના રોજ સ્વ. શ્રી ભાણજીભાઈ ખેતશી ચૌહાણના હસ્તે કરવામાં આવ્યું.

આ મંદિરનું બાંધકામ બે વરસના ગાળામાં રૂા. ૧,૧૦,૦૦૦/– એક લાખ દશ હજાર ખર્ચે તૈયાર કરવામાં આવ્યું અને મંદિરમાં મુર્તિઓનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ સવંત ૨૦૩૦ જેઠ સુદ પાંચમને રવિવાર તા. ૨૬-૦૫-૧૯૭૪ ના રોજ ખુબજ ધામધુમ અને ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો. આ પ્રસંગનો જમણવાર સ્વ. શ્રી ભાણજી ખેતશી ચૌહાણના વંડામાં કરવામાં આવ્યો હતો. (મેરવાણ)

**આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં મળતા અમુલ્ય લાભ મેળવનારની યાદી...**

| | | | |
|---|---|---|---|
| ૧) | મંદિરના શિખરનો લાભ | : | શ્રી પુંજા અરજણ લિંબાણી |
| ૨) | મંદિરના ધ્વજનો લાભ | : | સ્વ. શ્રી વાલજી કરસન રામજીયાણીના સુપુત્ર શ્રી રતનશીભાઈ |
| ૩) | શ્રી નારાયણ ભગવાનની મૂર્તિ પ્રતિષ્ઠા | : | સ્વ. શ્રી ધનજી માવજી ચૌધરી |
| ૪) | શ્રી લક્ષ્મીજીની મૂર્તિ પ્રતિષ્ઠા | : | સ્વ. શ્રી લાલજી વાલજી છાભૈયા |
| ૫) | શ્રી ગણપતિ દેવની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા | : | સ્વ. શ્રી દેવશી સોમજી ઉકાણીના સુપુત્રો |
| ૬) | શ્રી હનુમાનદેવની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા | : | સ્વ. શ્રી ધનજી રતનશી સેંઘાણી |
| ૭) | શ્રી ગરૂડજીની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા | : | સ્વ. શ્રી ગોવિંદ વાલજી છાભૈયા |
| ૮) | મા શીતલાજીની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા | : | સ્વ. શ્રી શામજી શીવજી ડાયાણી |
| ૯) | શ્રી ભગવાનના પગલાંનો લાભ | : | સ્વ. શ્રી કાનજી રામજી લિંબાણી |
| ૧૦) | શ્રી ભગવાનના ભોગ ધરાવવાનો લાભ | : | સ્વ. શ્રી વિશ્રામ ભાણજી લિંબાણી |
| ૧૧) | શ્રી ભગવાનની મુખ્ય આરતી પુજાનો લાભ | : | સ્વ. શ્રી કુંવરજી નારણજી ઠક્કર |
| ૧૨) | શ્રી ભગવાનનો સ્નાન કરવવાનો લાભ | : | સ્વ. શ્રી ભાણજી ખેતશી ચૌહાણ |
| ૧૩) | શ્રી ભગવાનની જલયાત્રાનો લાભ | : | શ્રી કાનજી હંસરાજ સેંઘાણી |
| ૧૪) | ગોતીડાનો લાભ | : | સ્વ. શ્રી રવજી હીરજી ડાયાણી |
| ૧૫) | શ્રી ભગવાનના વાઘાનો લાભ | : | સ્વ. શ્રી અરજણ જીવરાજ પરવાડીયાના સુપત્રો |
| ૧૬) | શ્રી લક્ષ્મીજીના વાઘાનો લાભ | : | સ્વ. શ્રી મુળજી ગંગદાસ સેંઘાણી |
| ૧૭) | શ્રી ભગવાનના મુગટનો લાભ | : | સ્વ. શ્રી નથુ કરસન પરવાડીયા |
| ૧૮) | શ્રી લક્ષ્મીજીના મુગટનો લાભ | : | સ્વ. શ્રી લક્ષ્મણ સોમજી સેંઘાણી |
| ૧૯) | શ્રી ભગવાનના હારનો લાભ | : | સ્વ. શ્રી ધનજી માવજી સેંઘાણી |
| ૨૦) | શ્રી લક્ષ્મીજીના હારનો લાભ | : | સ્વ. શ્રી સોમજી મુળજી પોકાર |
| ૨૧) | હવન | : | સ્વ. શ્રી મેઘજી અરજણ વાસાણી |
| ૨૨) | શ્રી ભગવાનનો છત્રનો લાભ | : | સ્વ. શ્રી પ્રેમજી નારાયણ પોકાર |

| | | |
|---|---|---|
| ૨૩) શ્રી લક્ષ્મીજીના છત્રનો લાભ | : | સ્વ. શ્રી પ્રેમજી વાલજી છાભૈયા |
| ૨૪) શ્રી ભગવાનના ચામરનો લાભ | : | સ્વ. શ્રી રામજી શીવજી ભગત |
| ૨૫) મંદિરના ઘંટનો લાભ | : | સ્વ. શ્રી દેવશી લઘા દડઘા |
| ૨૬) મંદિરના શંખનો લાભ | : | સ્વ. શ્રી નારણ રતનશી સેંઘાણી |
| ૨૭) મંદિરમાં પહેલી આરતી વગાડવાનો લાભ | : | સ્વ. શ્રી સામજી રામજી ડાયાણી |
| ૨૮) મંદિરમાં બીજી આરતી વગાડવાનો લાભ | : | સ્વ. શ્રી રવજી વાલજી ડાયાણી |
| ૨૯) મંદિરમાં બીજી આરતી વગાડવાનો લાભ | : | સ્વ. શ્રી ભીમજી રતનશી સેંઘાણી |

આ ઉપરાંત પ્રતિષ્ઠા મહોત્સવમાં ગામનાં અન્ય સર્વે ધર્મપ્રેમી ભાઈઓ તથા બહેનોએ ખૂબજ ઉત્સાહપૂર્વક લાભ લીધો હતો અને ઉપરોક્ત મહોત્સવના ઉછામણીનું સંચાલન સ્વ. શ્રી શીવદાસ ગોવિંદ છાભૈયા દ્વારા કરવામાં આવેલ.

આમ શ્રી લક્ષ્મી નારાયણ મંદિરનો ગ્રામવાસીઓ લાભ લેતા થયા. હવે સમાજને નાના મોટા પ્રસંગો કરવા માટે જરૂર પડી સમાજવાડીની આ માટે મંદિરની બાજુમાં જ જગ્યા મળે તો અનુકુળતા થાય એ હેતુથી જગ્યા મેળવવાનું કાર્ય શરૂ કરવામાં આવ્યું.

હવે સમાજને જરૂર રહી સમાજ વાડીની, નાના-મોટા દરેક પ્રસંગોએ એની ખાસ જરૂર પડે છે. આપણી જૂની મહાજનવાડી ભંગાર થતાં તેમાં સુધારા-વધારા કરવાની કોઈ શક્યતા રહી નહી. કારણ કે તે સંયુક્ત મિલકત હતી. સામેના પક્ષ તરફથી સહકાર મળ્યો નહીં, જેથી આપણે આના માટે જુદી યોજના કરવી પડી.

સદ્‌ભાગ્યે એના માટે જોડમાં જ લુહાર પાસેથી આશરે (૨૦૦૦') બે હજાર ચોરસ ફૂટ જેટલી જગ્યા વેચાતી મળી અને તેમાં રસોડું, સ્ટોર, જમવાનો હૉલ વગેરે અનુકુળતા પ્રમાણેનું બાંધકામ કરવામાં આવ્યું અને એનું મુખ્ય દાન શ્રી ધનજી માવજી ચૌધરીના પરિવાર તરફથી મળ્યું. એનું ઉદ્‌ઘાટન સંવત ૨૦૩૭ના જેઠ સુદ - ૫ ને તા. ૬-૬-૧૯૮૧ને શનિવારના વાર્ષિક મહોત્સવ પ્રસંગે કરવામાં આવ્યું.

સમાજના પરિવારની સંખ્યા દિવસે દિવસે વધતી ગઈ. શરૂઆતમાં જે ૧૩૦ પરિવારની હતી તે વધીને આજે ૩૬૧ જેટલી થઈ. જેથી આ બનાવેલ સમાજવાડી પણ ઓછી પડવા લાગી. આજુબાજુમાં વધવાની કોઈ શક્યતા રહી નહી એટલે સમાજને એ વાતની સમસ્યા ઉભી થઈ.

જોગાનુંજોગ, બાજુમાં જ આવેલી મઉંવાળા દ્વારના નામે ઓળખાતી જગ્યા, જ્યાં શ્રી પ્રેમજી હંસરાજ ડાયાણીના પરિવારનાં રહેણાંકના મકાન હતાં, તે બધી જ જગ્યા સમાજના હિત ખાતર શ્રી વિશનજી ભાણજી ચૌહાણ, શ્રી નારણ દેવશી ઉકાણી અને શ્રી ખીમજી દેવશી ઉકાણીએ તેની બદલીમાં પોતાની કિમતી જગ્યાઓ આપીને તે મેળવી લીધી. અને પછી એ (૨૪૦૦') બે હજાર ચારસો ફૂટ જેટલી બધી જગ્યા એમણે સમાજને અર્પણ કરી દીધી જેની વિગત આ પ્રમાણે છે.

સદર જગ્યામાં ત્રણ ભાગ હતા તેમાના બે ભાગ શ્રી વિશનજીભાઈ એ પોતાના માતુશ્રી કેશરબેનના સ્મરણાર્થે અર્પણ કરી અને ત્રણ ભાગ તે શ્રી નારણભાઈ તથા શ્રી ખીમજી દેવશી ઉકાણીએ એમના માતુશ્રી રાજબાઈના સ્મરણાર્થે અર્પણ કરી દીધી. આવા કૃતાર્થી ભાઈઓનો સમાજ આભારી છે.

આ ભૂમિદાનનો પ્રવાહ આટલેથી અટકતો નથી. જોતજોતામાં એવુંજ એક બીજું કીમતી દાન સ્વ. શ્રી રામજી માવજી ડાયાણી પરિવાર તરફથી જાહેર કરવામાં આવ્યું જેની વિગત આ પ્રમાણે છે.

મંદિરને અડીને પૂર્વ બાજુ આવેલી જે બોરડીવાલા, વાડાને નામે ઓળખાતી આશરે (૧૨૦૦') એક હજાર બસ્સો ચોરસ ફૂટ જેટલી એમની જમીન હતી. તે જમીન એમના માવિત્ર સ્વ. શ્રી રામજી માવજી ડાયાણીના સ્મરણાર્થે સમાજને અર્પણ કરી દીધી.

આ સર્વે દાતાઓનું સં ૨૦૪૬ના વાર્ષિક ઉત્સવ પ્રસંગે સમાજ વતી સન્માન કરવામાં આવ્યું.

આ દાનમાં મળેલી જગ્યાઓમાં સદ્‌ઉપયોગ તરીકે અને સમાજની અનુકૂળતા પ્રમાણે બાંધકામો કરવામાં આવ્યાં જેવાં કે ભોજનશાળા, અતિથિ ગૃહ, મંદિરનો પ્રતિક્ષા હૉલ અને ફૂલવાડી વગેરે બનાવવામાં આવ્યાં. આ યોજના એક વરસના ગાળામં પરિપૂર્ણ કરવામાં આવી. અને આ સાથે અંદરના રંગરોગાન તથા ચિત્રકામ વગેરેનું નવીનીકરણ કરવામાં આવ્યું.

આ પૂર્ણ થયેલ યોજનાનો ઉદ્‌ઘાટન સમારંભ અને નામકરણ વિધી સંવત ૨૦૪૭ ના જેઠ સુદ ૪ ને તા. ૧૫-૦૬-૯૧ ના રોજ મંદિરના વાર્ષિક ઉત્સવ પ્રસંગે મળેલી જનરલ સભામાં કરવામાં આવ્યાં.

જેનો લાભ નીચે મુજબના દાનવીરોએ લીધો.

૧) પ્રતીક્ષા હૉલનું નામકરણ : સ્વ. શ્રી કાનજી રામજી લીંબાણીના નામે સુપુત્ર શ્રી ડાયાલાલ કાનજી લીંબાણી

૨) ભોજનશાળાનું નામકરણ : સ્વ. શ્રી કરમશી વીરજી લીંબાણીના નામે તેમના સુપુત્રો

૩) અતિથિગૃહનું નામકરણ : શ્રી ધનજી ભાણજી લીંબાણીના નામે તેમના સુપત્રો

૪) સભાગૃહનું નામકરણ : સ્વ. શ્રી દેવશી સોમજી ઉકાણીના નામે તેમના સુપુત્રો

૫) ફૂલવાડીનું નામકરણ : સ્વ. શ્રી હરજી કરમશી ઉકાણીના નામે તેમના સુપુત્રો

૬) ચોકની રફ લાદીનું ફ્લોરિંગ કામ : શ્રી મસ્કત દરસડી સનાતન યુવક મંડળ તરફથી મળેલ શ્રેષ્ઠ દાનથી કરવામાં આવેલ છે.

આમ આ ભૂમિદાન, રોકડદાન સિવાય પણ કેટલાક ગ્રુપ તથા વ્યક્તિગત રીતે ઘણીબધી વસ્તુઓ દાનમાં મળી છે, જેમ કે ડાઈનિંગ ટેબલો, ખુરશીઓ, ઑફિસ (ટેબલ-ખુરશી), પંખા, કબાટ, ડીઝલ ચૂલા સેટ, વૉટર કુલર, જનરેટર, નાના-મોટાં વાસણો, ઈલેક્ટ્રીક આરતી, સીવણ મશીનો, બૂફે સેટનાં વાસણો, પાલ, પાથરણા, શેતરંજી, મંડપ અને ચિત્રકામ તથા શ્રમદાન વગેરે ઉપર જણાવેલ વસ્તુઓના દાન આપનાર દાતાઓનાં સમાજ અત્યંત આભારી છે.

વિશેષમાં શ્રી દરસડી પાટીદાર સનાતન સમાજના સ્થાનિક બાંધકામમાં એન્જિનિયરિંગ ક્ષેત્રે જેમણે આપણને સતત નિ:સ્વાર્થ ભાવે સેવા આપેલ છે, તેવા આપણા યુવાન ભાઈ શ્રી રામજીભાઈ જીવરાજ લીંબાણીની સેવા આપણા સમાજ તેમ જ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજમાં આપેલ સેવા પ્રેરણાદાયક અને યશસ્વી છે.

## શૂન્યમાંથી સર્જન

### વર્ષ ૧૯૯૪ માં ''સમાજની સ્થાવર જંગમ મિલકત'' ઉડતી નજરે

સમાજ પાસે હાલમાં જે સ્થાવર જંગમ મિલકત છે. તેનું વિગતવાર વિવરણ આગળ આવરી લેવામાં આવેલ છે.

ભેટમાં મળેલ જમીન સાથેની બધી જમીનનું ક્ષેત્રફળ આશરે (૧૦૦૦૦'') દસ હજાર ચોરસફૂટ છે. જેની કીંમત અમૂલ્ય ગણાય.

આ જમીન પર થયેલ બાંધકામ જેવા કે શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનું મંદિર, સુશોભિત ફૂલવાડી, કન્યા અને વરનો રૂમ, ભોજનાલયની ઉપર ૧ લે માળે સભાગૃહ થયેલ હતું. આજે આપણા સમાજને અત્યંત ઉપયોગી સાબિત થયાં છે અને પ્રસંગોપાત આ સમાજવાડી તથા મંદિરનો અમૂલ્ય લાભ સમાજને મળતો રહે છે.

## સાર્વજનિક ક્ષેત્રે વિશેષતા

આપણે આપણા સમાજ પૂરતો જ વિકાસ કર્યો છે એવું નથી. ગામમાં સાર્વજનિક ક્ષેત્રે થયેલ સઘળાં વિકાસનાં કામમાં પણ આપણા સમાજનો ફાળો મુખ્ય છે. જેવા કે પ્રાથમિક શાળા, આરોગ્ય કેન્દ્ર, સ્મશાનગૃહ, પાણી પુરવઠા યોજના, હાઈસ્કૂલ, બાળમંદિર, ગામનાં પ્રવેશદ્વાર, રોડ-રસ્તા અને માંડવી હૉસ્ટેલ વગેરે.

## પ્રાથમિક શાળા

આઝાદી મળ્યા બાદ દેશભરમાં જ્યારે વિકાસનાં કામો શરૂ થયાં ત્યારે આપણા ગામમાં સૌ પ્રથમ કેળવણીને અગ્રસ્થાન આપવામાં આવ્યું. આ અરસામાં માંડવી તાલુકાના સદ્‌ભાગ્યે એક કર્તવ્યનિષ્ઠ એવા વિકાસ અધિકારી શ્રી પૃથ્વીસિંહ જાડેજા અને બીજા સમાજિક સેવક સ્વ. શ્રી ઝુમખલાલ મહેતાની જુગલબંધીના સતત પ્રયાસ અને પ્રેરણાથી માંડવી વિકાસ ઘટક હેઠળ એક વિશાળ પ્રમાણમાં પ્રાથમિક શાળાના મકાનનું સંવત ૨૦૧૩, ઈ.સ. ૧૯૬૨માં આયોજન કરવામાં આવ્યું.

સદર યોજનામાં સંપૂર્ણ લોકફાળો આપણા સમાજનો છે અને એના બાંધકામમાં પણ સમાજના અગ્રણી વડીલ શ્રી શિવજી પેથા ડાયાણી અને શ્રી ભાણજી ખેતશી ચૌહાણની સેવા અમૂલ્ય હતી.

અત્ર એ પણ ઉલ્લેખનીય છે કે આપણા ગામમાં આ યોજના પહેલા સંવત ૧૯૮૬માં એટલે આજથી (૯૦) નેવું વર્ષ પહેલા આપણા ગામના દાનવીર શેઠ શ્રી તુલશીદાસ ત્રિકમજી ખાંટ ટ્રસ્ટ ફંડ તરફથી એક ખાનગી પાઠશાળા ચાલુ થઈ અને કેળવણીના બીજ રોપાયાં. આ શાળાનો અમૂલ્ય લાભ આપણા ગામ ઉપરાંત આજુબાજુનાં ગામડાંના લોકોએ પણ મેળવ્યો હતો. આજે સર્વે ગ્રામજનો નિરક્ષરમાંથી શિક્ષિત થયા. આવા પ્રસંગે તેની યાદ ભુલાય તેમ નથી.

## આરોગ્ય કેન્દ્ર

આ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પણ ઈ.સ. ૧૯૬૫ સંવત ૨૦૧૫માં માંડવી વિકાસ ઘટક હેઠળ બંધાયું છે. જેમાં લોકફાળામાં મુખ્ય ફાળો મમાયમોરા (તે વખતે આફ્રિકા વસતા) શ્રી રતનશી નારણ કાં. ના ભાગીદારોનો છે.

## સ્મશાન ગૃહ

આ દરસડી-મમાયમોરાનું સંયુક્ત સ્મશાન ગૃહ ઈ.સ. ૧૯૬૬ સંવત ૨૦૧૬માં બંધાયું છે. આમાં પણ મુખ્ય ફાળો આપણા સમાજના મેસર્સ રવજી હીરજી કાં. નો છે. એમણે જ બંધાવી તૈયાર કરી ગામને અર્પણ કરેલ છે.

## પાણી પુરવઠા યોજના

આ યોજના ગામમાં ઈ.સ. ૧૯૬૩માં શરૂ કરવામાં આવી આ પહેલા ગામમાં પાણીનો ભયંકર ત્રાસ હતો, દૂર દૂર થી પાણી લાવવું પડતું હતું, તે પણ પુરુતુ મળતું નહીં, આપણી ઘણી માતા, બહેનોને ઘડો ભરી પાણી લાવવું પડતુ, તે કેટલું કષ્ટ દાયક હતું ? ખૂબ કષ્ઠ વેઠ્યા બાદ ઘણા લાંબા વિચારને અંતે આ યોજના અમલમાં આવી. આ મહાન ભગીરથ કાર્ય હતું તે સમયે ભાગ્યે જ ગામડામાં આવી યોજના હતી. આ યોજના માટે મેસર્સ રવજી હીરજી એન્ડ કાં. અને સ્વ. શ્રી શીવદાસ ગોવિંદ છાભૈયાનો આ યોજના ચાલુ કરવાનો મુખ્ય ફાળો હતો, કાર્યમાં શીવગણ પ્રેમજી એન્ડ કાં. નો સહયોગ મળેલ.

ઈ.સ. ૧૯૬૩માં જે પાણી પુરવઠા યોજના (પંચાયત) ચાલુ કરવામાં આવી હતી તે સમય અનુસાર ગામની વસ્તી વધતા, ગામ પંચાયત નું પાણી અમુક વિસ્તારમાં સમયસર અને અપુરતું પહોંચતુ હોવાથી તે વિસ્તાર દરસડી પાટીદાર સમાજના ભાઈઓ ‘ભાગવાડી’ વિસ્તાર માટે નવો બોર સ્વ. રવજી વાલજી સેંઘાણીની જમીનમાં કરવામાં આવેલ, આ કાર્ય માટે સ્વ. અરજણ લાલજી છાભૈયા અને સ્વ. શીવગણ પ્રેમજી સેંઘાણીનો મુખ્ય સહયોગ હતો. અત્યારે આ વિસ્તારનો બોર સાકરીયાપીર એરીયામાં આવેલ છે.

જેમ જેમ વસ્તી વધતા નવા ઘર બનતા ગયા જેથી આપણા ઘણા પાટીદાર વિસ્તારમાં પાણી પુરવઠો પુરો પડતો નહતો તેથી દરસડી પાટીદાર સમાજના ભાઈઓએ ચર્ચા વિચારણા કરતા નક્કી કરવામાં આવ્યું કે પાટીદાર સમાજની નવી પાણીના લાઈન નાખવી અને યોગ્ય જગ્યાએ બોર કરવો જેથી આપણને પાણી પુરવઠો મળતો રહે. આ નવો બોર કરવા અને નવી પાણીના લાઈનો નાખવાનું વિચાર સ્વ. શ્રી શામજી શીવજી ડાયાણીએ પાટીદાર ભાઈઓ સમક્ષ પ્રસ્તુત કરેલ અને તેનો અમલ કરવામાં આવેલ, આ કાર્યમાં પાણી લાઈન નાખવા તેમજ નવોબોર કરવા વગેરે કાર્ય પૂર્ણ કરવાની જવાબદારી સ્વ. શ્રી કરશન

લધા લીંબાણી અને નારાયણ વિશ્રામ લીંબાણી લીધેલ અને તે પૂર્ણ કરાવેલ. આ પૂરવઠા માટેની લાઈનનું કાર્ય પૂર્ણ થયા બાદ આ યોજનાનું નામકરણ કરવામાં આવેલ, આ યોજનાનું નામકરણનો લાભ સ્વ. મુળજી ગંગદાસ સેંઘાણી પરિવાર અને સ્વ. વિરજી કેસરા સેંઘાણી પરિવાર ને પ્રાપ્ત થયેલ. આ બંને પાણી યોજના પ્રાઈવેટ છે જે ''ભાગવાડી'' અને ''પાટીદાર ગ્રુપ'' તરીકે જાણીતા છે. આજે પણ આપણા ગામમાં બે પ્રાઈવેટ અને ગામ પંચાયત સંચાલિત પાણી પૂરવઠા યોજના દ્વારા ગામ વાસીઓને પાણી પુરુ પાડવામાં આવે છે.

## હાઈસ્કૂલ

આપણા ગામમાં આ સારસ્વતમ સંચાલિત હાઈસ્કૂલની સ્થાપના સંવત ૨૦૧૫માં થઈ અને એના માટેનું મકાન બાંધકામ સંવત ૨૦૩૦માં સંપૂર્ણ લોકફાળાથી કરવામાં આવેલ છે, જેમા મુખ્ય દાતા આપણા સમાજન ા અગ્રણી સ્વ. શ્રી શીવજી પેથા ડાયાણી છે. આજે પણ હાઈસ્કૂલ અવીરત ચાલી રહી છે. હાઈસ્કૂલમાં કોમ્પ્યુટર સિસ્ટમ સ્વ. સવિતાબેન ખીમજી સેવાણી ધો. ૮ થી ૧૨ સુધી. આ હાઈસ્કુલનું સંચાલન સ્વ. શિવદાસ ગોવિંદ છાભૈયા સંચાલિત સંસ્થા સારસ્વત દ્વારા આજીવન રહ્યા ત્યાં સુધી કરતા હતા.

## બાળમંદિર

આ બાળમંદિરનું મકાન પણ આપણા સમાજના દાતા શ્રી શીવગણ મનજી સેંઘાણીના સુપુત્રોએ સંપૂર્ણપણે પોતાના ખર્ચે સ્વ. માતૃશ્રી વાલબાઈના સ્મરણાર્થે બંધાવી આપેલ છે.

## જીવદયા ક્ષેત્રે

આ ક્ષેત્રમાં પણ આપણા સમાજનો ફાળો નોંધપાત્ર છે આપણે ત્યાં વારંવાર પડતા દુષ્કાળ જેવા કપરા સંજોગોમાં પશુધન બચાવવા સારા પ્રમાણમાં ધન એકઠું કરી પાંજરાપોળ કે ગામના વથાણમાં ઉત્તમ સેવા આપતા રહ્યા છીએ અને સૌથી પહેલું અને એકધાર્યું સેવાકાર્ય તો ચબુતરાનું છે. એનો સઘળો યશ ગામના લીંબાણી પરિવારને જાય છે. કારણકે આજથી લગભગ ૫૫-૬૦ વર્ષ પૂર્વે એમણે જ ઊભું કર્યું છે અને આજ દિવસ સુધી તેઓ જ ચલાવી રહ્યા છે.

## ઉપસંહાર

સમાજે અત્યાર સુધીમાં સામાજિક તેમ જ સાર્વજનિક ક્ષેત્રે કરેલી વિકસિત પ્રવૃત્તિઓનો સઘળો ચિતાર આ અહેવાલ પરથી આપ સૌ જાણી શક્યા હશો.

હાલમાં ચાલતી પ્રવૃત્તિઓમાં કેળવણીને પ્રોત્સાહિત કરવા દરસડીની સ્કૂલોના અભ્યાસ કરતા દરેક વિદ્યાર્થીઓને મફત નોટબુકોનું વિતરણ તથા ૬૦% અને તેથી ઉપર ગુણાંક મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામો આપવામાં આવે છે, તેમ જ મજૂરી ઉપર નભતા આર્થિક રીતે નબળા એવા સમાજના બાળકોને પાઠ્ય પુસ્તકોની સહાય પણ આપવામાં આવે છે, તેમ જ નિરાધાર કુટુંબોને આર્થિક સહાય આપવામાં આવે છે અને આ ભગીરથ કાર્યમાં આજે પણ સમાજના સભ્યો દ્વારા વ્યક્તિગત સહયોગ આપવામાં આવે છે.

અન્ય ધાર્મિક પ્રવૃત્તિઓમાં નિયમિત ઉજવાતા તહેવારો, વાર્ષિક મહોત્સવ વગેરે ઘણી જ શ્રદ્ધાપૂર્વક ઉજવવામાં આવે છે, તદ ઉપરાંત નિત્ય સાંજે સંધ્યા આરતી વખતે અડધો કલાક સમૂહમાં નિયમિત સ્વાધ્યાય કરવામાં આવે છે. જે ભાગ્યે જ ક્યાંય જોવા મળશે. તે સિવાય દર સોમવારે, અગિયારસે અને પૂનમની રાત્રે એક કલાક સત્સંગ પણ કરવામાં આવે છે. આ નિયમો શરૂઆતથી તે આજ સુધી જળવાઈ રહ્યા છે. આ બધું ટકાવી રાખવા, ખાસ કરીને આપણા સમાજની મહિલાઓને આભારી છે.

મંદિરનો વહીવટ ચલાવવામાં લવાજમ અને પેટીની આવક સિવાય બીજી કોઈ કાયમી આવક નથી. લવાજમ ૧૦૦/- રૂા શરૂઆત કરેલ અને અત્યારે લવાજમ કુટુંબ દીઠ વાર્ષિક રૂા.૧૦૦૦/- એક હજાર ઉઘરાવવામાં આવે છે. બીજો કોઈ ફરજિયાત કરવેરો કાંઈ નથી.

સમાજનો બધો વહીવટ કારોબારી સમિતિ કરે છે. હાલમાં નીચે મુજબના સભ્યો વહીવટ કરે છે.

### સ્થાનિક કારોબારી વર્ષ ૧૯૯૪

| | | |
|---|---|---|
| (૧) | શ્રી જીવરાજ સોમજી પોકાર | પ્રમુખ |
| (૨) | શ્રી ભીમજી રવજી ચૌધરી | ઉપપ્રમુખ |
| (૩) | શ્રી કરસન લધા લીંબાણી | ખજાનચી |
| (૪) | શ્રી અમૃતલાલ શિવદાસ છાભૈયા | મંત્રી |
| (૫) | શ્રી વિશનજી ભાણજી ચૌહાણ | સહમંત્રી |
| (૬) | શ્રી રવજી ગોવિંદ સેંઘાણી | સભ્ય |
| (૭) | શ્રી અરજણ લધા સેંઘાણી | સભ્ય |
| (૮) | શ્રી હરિલાલ કાનજી ભગત | સભ્ય |
| (૯) | શ્રી મનજી ગોવિંદ છાભૈયા | સભ્ય (મુંબઈ) |
| (૧૦) | શ્રી લખમશી લધા વાસાણી | સભ્ય (મુંબઈ) |
| (૧૧) | શ્રી નથુરામ ધનજી સેંઘાણી | સભ્ય (મુંબઈ) |

### મુંબઈ કારોબારી સમિતિ વર્ષ ૧૯૯૪

| | | |
|---|---|---|
| (૧) | શ્રી મનજીભાઈ ગોવિંદ છાભૈયા | પ્રમુખ |
| (૨) | શ્રી અરજણભાઈ રવજી ડાયાણી | ઉપપ્રમુખ |
| (૩) | શ્રી નથુરામભાઈ ધનજી સેંઘાણી | મંત્રી |
| (૪) | શ્રી ડૉ. મનીષ નારાયણ ચૌહાણ | સહમંત્રી |
| (૫) | શ્રી મનજીભાઈ વિશ્રામ લીંબાણી | ખજાનચી |
| (૬) | શ્રી સામજીભાઈ અરજણ પરવાડિયા | સહખજાનચી |
| (૭) | શ્રી અરજણ લાલજી છાભૈયા | સભ્ય |
| (૮) | શ્રી ખીમજીભાઈ દવશી ઉકાણી | સભ્ય |
| (૯) | શ્રી ડાયાલાલભાઈ કાનજી લીંબાણી | સભ્ય |

#### સહકાર્યકરો

(૧) શ્રી લખમશી લધા વાસાણી

(૨) શ્રી દેવશી શીવગણ સેંઘાણી

(૩) શ્રી કાનજી ધનજી ચૌધરી

### શ્રી દરસડી પાટીદાર સનાતન યુવક મંડળ
### (દરસડી) વર્ષ ૧૯૯૪
### કારોબારી સભ્યો

| | | |
|---|---|---|
| (૧) | શ્રી સેંઘાણી અમૃતલાલ ગોવિંદ | પ્રમુખ |
| (૨) | શ્રી પોકાર જયંતીલાલ જીવરાજ | ઉપપ્રમુખ |
| (૩) | શ્રી સેંઘાણી અરજણ ધનજી | ખજાનચી |
| (૪) | શ્રી દડગા ઈશ્વરલાલ દેવશી | મંત્રી |
| (૫) | શ્રી ચૌહાણ રવિલાલ શામજી | સહમંત્રી |
| (૬) | શ્રી લીંબાણી શિવગણ કરશન | સભ્ય |
| (૭) | શ્રી લીંબાણી શાંતિલાલ દેવજી | સભ્ય |
| (૮) | શ્રી સેંઘાણી હરિલાલ રવજી | સભ્ય |
| (૯) | શ્રી ચૌધરી રતનશી મનજી | સભ્ય |
| (૧૦) | શ્રી દડગા રમેશ દેવશી | સભ્ય |
| (૧૧) | શ્રી ચૌધરી જગદીશ ભીમજી | સભ્ય |

### શ્રી દરસડી પાટીદાર સનાતન મહિલા મંડળ
### (દરસડી) વર્ષ ૧૯૯૪
### કારોબારી સભ્યો

| | | |
|---|---|---|
| (૧) | ચૌહાણ દેવકાબેન જેઠાલાલ | પ્રમુખ |
| (૨) | લીંબાણી ભારતીબેન કલ્યાણજી | ઉપપ્રમુખ |
| (૩) | સેંઘાણી મોગીબેન મણિલાલ | ખજાનચી |
| (૪) | લીંબાણી તારાબેન મણિલાલ | મંત્રી |
| (૫) | રંગાણી વેલાબેન માવજી | સહમંત્રી |
| (૬) | સેંઘાણી શાન્તાબેન અમૃતલાલ | સભ્ય |
| (૭) | સેંઘાણી કસ્તુરબેન અરજણ | સભ્ય |
| (૮) | ડાયાણી કસ્તુબેન નાનજી | સભ્ય |
| (૯) | છાભૈયા કસ્તુરુબેન નાનજી | સભ્ય |
| (૧૦) | પોકાર રતનબેન જીવરાજ | સભ્ય |
| (૧૧) | ચૌધરી નાનુબેન ખેતશી | સભ્ય |

## શ્રી દરસડી પાટીદાર સનાતન યુવક મંડળ (મુંબઈ)
## કારોબારી સભ્યો વર્ષ ૧૯૯૪

| | | |
|---|---|---|
| (૧) | શ્રી લક્ષ્મણ ધનજી સેંઘાણી | પ્રમુખ |
| (૨) | શ્રી શીવલાલ લખમશી વાસાણી | મંત્રી |
| (૩) | શ્રી અમૃતલાલ ડાયાલાલ લીંબાણી | ખજાનચી |
| (૪) | શ્રી નવીન નથુરામ સેંઘાણી | સભ્ય |
| (૫) | શ્રી નરેન્દ્ર મનજી લીંબાણી | સભ્ય |
| (૬) | શ્રી ડૉ. દિનેશ અર્જુન લીંબાણી | સભ્ય |
| (૭) | શ્રી રતિલાલ દેવશી સેંઘાણી | સભ્ય |
| (૮) | શ્રી ડૉ. મનીષ નારાયણ ચૌહાણ | સભ્ય |
| (૯) | શ્રી મગનલાલ દેવશી ચૌધરી | સભ્ય |
| (૧૦) | શ્રી નરસિંહ સામજી સેંઘાણી | સભ્ય |

### સલાહકાર સભ્યો

(૧) શ્રી અમૃતલાલ શીવગણ સેંઘાણી

(૨) સ્વ. શ્રી ડૉ. મણિલાલ લક્ષ્મણ લીંબાણી

(૩) શ્રી મગનલાલ ધનજી સેંઘાણી

(૪) સ્વ. શ્રી વસંતલાલ ભીમજી સેંઘાણી

વીસ વર્ષના અંતમાં આપણે આપણા સમાજના વડીલ જેવા કર્ણધારો અને સંનિષ્ટ કાર્યકરો જેમણે સમાજના આ રચનાત્મક કાર્યમાં પાયાના પથ્થર બની પોતાની તમામ શક્તિનો પૂરેપૂરો ભોગ આપ્યો છે. તેવા સમાજનિષ્ઠ કાર્યકરોનો સમાજ ખૂબજ આભારી છે, તેમ જ જેઓ હાલમાં આપણી પ્રત્યક્ષ નથી, પણ તેઓની ઉજ્જવલ કારકિર્દી ઝળકે છે, એવા સૌ સ્વર્ગસ્થ કર્મવીરોને આ પ્રસંગે આપણે યાદ કરી ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પિત કરીએ છીએ.

આમ આ મંદિરનો અને સમાજવાડીનો વહીવટ વખતો વખતના સ્થાનિક પ્રમુખો, મુંબઈના પ્રમુખો અને કારોબારી સમિતીના સભ્યો સુચારૂરુપે ચલાવતા રહ્યા હતા.

દર ૨૬ મે ના રોજ દરસડી મુકામે વાર્ષિક પાટોત્સવ અને મુંબઈ મુકામે તે પછી સ્નેહમિલનો સ્કુલના બાળકોના વેકેશનની અનુકુળતા મુજબ પણ યોજાતા રહ્યા હતા.

આમ વીસ વર્ષના વહાણાં વાયાં અને રજત જયંતિ મહોત્સવ નજીક આવતો ગયો. આપણા પાયાના પત્થર જેવા કર્મવીરો પણ કાળક્રમે સ્વર્ગવાસી થઈ આપણા વચ્ચેથી વિદાય થતા રહ્યા. ત્યારે તેમાંના એક મુરબ્બી વડીલ શ્રી શામજી શિવજી ડાયાણીની નાદુરસ્ત તબિયતના કારણે, રજત જયંતિ ના પચ્ચીસ વર્ષના બદલે વીસ વરસે લોકલાગણી અને તત્કાલીન કારોબારીની સર્વાનુમતે મંજુરીથી દ્વિશતાબ્દી મહોત્સવ ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું.

દરસડી સ્થાનિક સમાજના પ્રમુખ શ્રી જીવરાજ સોમજી પોકાર મહામંત્રી શ્રી અમૃતભાઈ શીવદાસ છાભૈયા અને મુંબઈ પ્રમુખ શ્રી મનજી ગોવિંદ છાભૈયા અને મહામંત્રી શ્રી નથુરામ ધનજી સેંઘાણીના નેજા હેઠળ ચતુર્થ દિવસીય દ્વિશતાબ્દી મહોત્સવ તા. ૧૧-૦૬-૯૪ થી તા. ૧૪-૦૬-૯૪ ના રોજ ઉજવવામાં આવેલ હતો.

આ પ્રસંગે યુવા અને મહિલાઓનું સંમેલન, સંતોના આર્શીવચન, અને શ્રી ભક્તિ નિકેતન આશ્રમના પૂ. સ્વામી સચ્ચિદાનંદનનું પ્રવચન રાખવામાં આવેલ હતું. જેનો લાભ દુર-દુરથી અખિલ ભાવિકજનોએ લીધેલ હતો. તે સમયે ગામડાંઓમાં હજી દોરા-ધાગા અને અજ્ઞાનતાના લીધે જુની રૂઢિઓ ચાલતી હતી. આમાં પરિવર્તન લાવવા અને લોકજાગૃતી

લાવવા માટે શ્રી વિજ્ઞાન ગાથા-આદિપુરના સભ્યો દ્વારા પ્રસ્તુત અંધશ્રધ્ધા નિર્મુલનનો કાર્યક્રમ પણ આપણા મંદિરના પ્રાંગણમાં રાખેલ હતો. જેને ગ્રામજનોએ ઉત્સાહ પુર્વક નિહાળી બિરદાવ્યો હતો. આ સમગ્ર મહોત્સવનું સંચાલન મહામંત્રી શ્રી નથુરામ ધનજી સેંઘાણી અને સહમંત્રી ડૉ. મનીષ નારાયણ ચૌહાણે ખુબજ સફળતા પુર્વક કરેલ હતું.

આ દ્વિશાબ્દી પ્રસંગને યાદગાર બનાવવા શ્રી દરસડી પાટીદાર સનાતન યુવક મંડળ મુંબઈ દ્વારા એક સ્મરણિકા-વસ્તીપત્રક ૧૯૯૪ અને પ્રાર્થના પોથીનું પણ પ્રકાશન કરવામાં આવ્યું હતું.

## શ્રી ઉમિયા ભોજનાલય

આજના શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિર સુવર્ણ જયંતી અને શ્રી ઉમિયા ભોજનાલયના સિલ્વર જયંતી પ્રસંગ પર આપણા શ્રી ઉમિયા ભોજનાલયનો આછેરો અહેવાલ જણાવવા ગર્વ અનુભવીએ છીએ.

આપણા ગામના ઘણા વડીલો સામાજીક પ્રવૃત્તિમાં કાર્યરત હોવાથી તેઓને વારંવાર કચ્છ આવવાનું થતું હતુ. જ્યારે પણ આવતા ત્યારે જમવાની અગવડતા થતી, વારંવાર સગા સબંધીને ત્યાં જમવા જવું તે તેમને સંકોચ અન`મન ભાર લાગતો હતો. તેથી આપસમાં ચર્ચા વિચારણા કરતા નક્કી કર્યું કે જો સમાજ લેવલે ભોજનાલયનું નિર્માણ કરવું, તેથી ૧૯૯૮માં ભોજનલાય બનાવવું એમ નક્કી કરેલ, પરંતુ આપણા ભાઈઓ સાથે ફંડ બાબતના વિચારો સુમેળ ન થતા વાત લંબાઈ ગઈ, બીજા વર્ષે ફંડ બાબતમાં ગામવાસીઓ પોતાની હેસિયત મુજબ રૂા. ૫૭૧૫૦૦/-ની લોન આપી, સંજોગો એવા હતા તે ભોજનાલય ચાલસે કે નહી તેનો વિશ્વાસ આવતો ન હતો, તેથી રકમ લોન તરીકે લેવામાં આવી જો ભોજનાલય ન ચાલે તો લોન પરત આપવી ના શરતે મેળવવામાં આવેલ. આ ભગીરથ કાર્યમાં મુખ્યત્વે (૧) શ્રી ડાયાલાલ કાનજી લીંબાણી, (૨) શ્રી મનજી વિશ્રામ લીંબાણી, (૩) શ્રી ખીમજી મુળજી સેંઘાણી, (૪) શ્રી અરજણ લાલજી છાભૈયા, (૫) સ્વ. શ્રી દેવશી શીવગણ સેંઘાણી, (૬) શ્રી ખીમજી દેવશી ઉકાણી, (૭) શ્રી લખમશી પૂજા લીંબાણી, (૮) શ્રી કાનજી ધનજી ચૌધરી એ યોગદાન આપેલ.

ભોજનાલય ચલાવવા માટે વાસણ, ફર્નીચર, પંખા વગેરે ના દાતા ઉભા કર્યા. જો કદાચ ભોજનાલય બંધ કરવાનો સમય આવે તો આપનારદાતા પોત પોતાના ફાળા અનુસાર આઈટમો લઈ જઈ શકે, પુરંતુ ભોજનાલય ચાલું કરવાની બધી તૈયારી કરતા હતા, પરંતુ ક્યાં ચાલુ કરવું તે બાબતમાં મુંઝવણ થતી હતી. ભગવાનના આશીર્વાદથી સ્વ. કાનજી ધનજી ચૌધરી એ પતાની મેરવાણની જગ્યા આપવાની ઓફર આપી અને તે ઓફરને સ્વીકાર કરવામાં આવેલ અને શ્રી ઉમિયા ભોજનાલયનો તા. ૨૭/૦૩/૧૯૯૯ના શ્રી ગણેશ કરવામાં આવેલ. આ જગ્યા માં અગવડ સગવડ થતા શ્રી ઉમિયા ભોજનાલય માટે નવી જગ્યા લઈને ત્યાં બાંધકામ કરી વ્યવસ્થિત બનાવવું તેવું નક્કી કરવામાં આવ્યું અને જમીન શ્રી ખીમજી મુળજી સેંઘાણીએ પોતાના માટે નક્કી કરેલ પ્લોટ જે હાલમાં ભોજનાલય છે તે આપણી સમાજને આપવા માટે તૈયાર/ઓફર કરેલ. આ પ્લોટ શ્રી છગનાલાલ જીવરાજ ડાયાણીનો હતો તેની કિંમત રૂા. ૧,૯૦,૦૦૦/- વત્તા રજીસ્ટ્રેશન વગેરે ચુકાવવામં આવેલ અને જમીનનો દસ્તાવેજ તા. ૨૭/૦૭/૨૦૦૧ માં કરવામાં આવ્યો.

આ જમીન ખરીદી કર્યા બાદ (૧) શ્રી ડાયાલાલ કાનજી લીંબાણી, (૨) શ્રી ખીમજી દેવશી ઉકાણી, (૩) શ્રી મનજી વિશ્રામ લીંબાણી, (૪) શ્રી ખીમજી મુળજી સેંઘાણી, પ્લાનીંગ, બાંધકામ વગેરેની જવાબદારી લીધી અને શ્રી મનજી વિશ્રામ લીંબાણી અને શ્રી ખીમજી મુળજી સેંઘાણીએ સુપરવાઈઝીંગ અને દેખરેખ હેઠળ આ શ્રી ઉમિયા ભોજનાલયનું બાંધકામ પૂર્ણ કરાવેલ. આ કાર્ય પૂર્ણ કરવા માટે આ બંને વડીલોએ મુંબઈથી કચ્છની મુલાકાત લેતા. આ ઉમિયા ભોજનાલયનું બાંધકામ જેમાં રસોડું, ડાઈનીંગ હૉલ, સ્ટોર રૂમ, ૧ માળે ચાર રૂમ, બાથરુમ વગેરે કરવામાં આવ્યું. શ્રી ઉમિયા ભોજનાલયનું ઉદ્‌ઘાટન વાસ્તુ તા. ૨૫/૦૬/૨૨૦૨ ના કરવામાં આવેલ, ભોજનાલયના ઉદ્‌ઘાટન બાદ અનાજ રાખવા તેમજ મહારાજના રહેવા માટે રૂમ બનાવવામાં આવ્યો જેનો ખર્ચ રૂા. ૬૩,૦૦૦/- સ્વ. શ્રી અરજણ લાલજી છાભૈયા અને શ્રી ડાયલાલ કાનજી લીંબાણીએ આપેલ, અંદાજે દસ (૧૦) વર્ષ બાદ શ્રી દરસડી પાટીદાર સનાતન સમાજના વાર્ષિક સામાન્ય સભામાં સર્વાનુમતે સભ્યોએ આપેલ લોન નો ભોજનાલય ફંડમાં જમાં કરવામાં આવી. જેથી લોનમાં આવેલ રકમ ફંડ/ભેટ માં જમા થયેલ તેમ ગણવામાં આવી.

સમય અનુસાર સમાજ પ્રગતિના પંથે પ્રયાણ કરી રહ્યો હતો તેમ આપણી શ્રી ઉમિયા ભોજનાલયના ગેસ્ટ રૂમ નો ઉપયોગ થવા લાગ્યો ત્યારે વડીલોને વિચાર આવ્યો કે ભવિષ્યમાં આપણે ભોજનાલય વધારવું પડશે તેથી ભોજનાલય પછી એક પ્લોટ છોડી ને જે વેચાણથી મળતો હતો તે ભવિષ્યના વિકાસને ધ્યાનમાં રાખી ૨૦૧૮માં ટોટલ રૂા. ૧૫,૭૬,૭૦૦/- માં ખરીદી કરવામાં આવ્યો.

જેમ જેમ દિવસો, વર્ષો વિતતા ગયા ભોજનાયલમાં જમવા આવવાની સંખ્યા વધતા, બેસવાની અને વાસણ ધોવાની અગવડતા થતા બહાર બેસવાના બાકડા બેસાડયા, વાસણ ધોવાનો ઓટલો વધાર્યો અને ઉપર પતરાનું છાપરું વધારવામાં આવ્યા.

સમય અનુસાર દાતાઓ તરફથી વોટર ફીલ્ટર, લોટ બાંધવાનું મશીન, સોલાર લાઈટ પેનલ વગેરે મળતા રહ્યા છે. જ્યારે પણ ઉમિયા ભોજનાલયમાં કાંઈપણ જરૂરિયાત ઉભી થાય ત્યારે દાતાઓ હંમેશા તૈયાર જ હોય છે.

જેનું સંચાલન કરવાની જવાબદારી અમૃત ગોવિંદ સેંઘાણી, કરશન લધા લીંબાણીએ સ્વીકારેલ હતી.

હાલમાં આપણા આ શ્રી ઉમિયા ભોજનાલયનું સચાલન શ્રી અરજણ ધનજી સેંઘાણી તેમજ શ્રી કિર્તી અરજણ સેંઘાણી કરી રહ્યા છે.

# પુરાની યાદેં







# પુરાની યાદેં









# પુરાની યાદેં










# પુરાની યાદેં









# દ્વિદશાબ્દી મહોત્સવ પછીનો ઈતિહાસ

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદારના લવાદ પંચના આદેશ બાદ ચેરીટી કમિશ્નર તેમજ અન્ય કાયદાકીય કાર્યવાહીનો સામનો કરવો પડ્યો હતો. કાયદાકીય કાર્યવાહીમાં સમય અનુસાર હોદ્દેદારો વડીલો સ્વ. શ્રી શીવદાસ ગોવિંદ છાભૈયા, શ્રી ખીમજી મુળજી સેંઘાણી, શ્રી ડાયાલાલ કાનજી લિંબાણી, શ્રી માધવજી મેઘજી પોકાર, શ્રી મનજી વિશ્રામ લીંબાણી, શ્રી ખીમજી દેવશી ઉકાણી, શ્રી મનજી ગોવિંદ છાભૈયા, શ્રી અમૃત શીવદાસ છાભૈયા, શ્રી રવિલાલ શામજી ચૌહાણ, શ્રી અરજણ ધનજી સેંઘાણી વગેરે ભાઈઓ વખતો વખત રાજકોટ, અમદાવાદ જઈ હાજરી આપતા રહ્યા હતા. શ્રી ખીમજી મુળજી સવાણી એ સમાજવતી કાયદાકીય કાર્યવાહી કરેલ અને આ વિવાદ ને સુલઝાવવા સતપંથના ભાઈઓ સાથે ચર્ચા વિચારણા કરતા હતા. પરંતુ કોઈપણ પ્રકારનો સુમેળ પડતો ન હતો. આમ બંને પક્ષો એટલે કે સનાતન અને સતપંથના વડીલો પણ થાક્યા હતા. ત્યારે છેલ્લી આશાના કિરણ રૂપે સ્થાનિક ભાઈઓ શ્રી અરજણભાઈ સેંઘાણી અને શ્રી રવિલાલભાઈ ચૌહાણ વગેરે શ્રી જયંતિભાઈ છાભૈયાને મુંબઈમાં મળ્યા હતા અને આ કોકડું ઉકેલવામાં મદદ કરવા વિનંતી કરી હતી.

શ્રી જયંતીભાઈ અરજણ છાભૈયા, ખીમજી મુળજી સેંઘાણી અને શ્રી મનજી વિશ્રામ લીંબાણી એ સતપંથના મુંબઈના વડીલ શ્રી શીવગણ પ્રેમજી સેંઘાણી સાથે આ અંગે ચર્ચા કરી તેમને આ પ્રશ્ન નું નિરાકરણ કરવા જણાવ્યું હતું. પરતું તેમણે તેની નાદુરસ્ત તબિયતને કારણે આણંદસર ના શ્રી દેવજીભાઈ કરશન ભાવાણીનું નામ મધ્યસ્થી તરીકે સુચવ્યું હતું.

આમ તા. ૨૭-૦૫-૨૦૧૬ ના દરસડી મુકામે બંને પક્ષના વડીલો મળેલ હતા. જેમાં સતપંથ સમાજને જગ્યા પેટે શ્રી જયંતીભાઈએ સનાતન સમાજ વતી રૂા. સાડા તેર લાખની ઓફર આપી હતી અને સતપંથના ભાઈઓને તેમનું મંદીર બનાવવા પર્સનલ લોન આપીને આ મડાગાંઠનો બંને પક્ષો માટે શાંતી અને સંતોષ પુર્વક કાયમી કાયદાકીય ઉકેલ લાવીને એક બહુજ અગત્યનું કાર્ય કર્યું હતું. સનાતન સમાજ તેમના આ ભગીરથ કાર્યનો હમેશાં ઋણી રહી યાદ રાખશે.

આ સમાધાન માં નીચે મુજબની શરતો અને આપસી સમજુતી થી કાર્યવાહી કરવામાં આવી હતી.

૧) મેરવાણ વાળી સતપંથ મંદિરના પ્લોટની જગ્યા અને જુની માજન વાડીની જગ્યા, ખેતાબાપાના ડેલાની જગ્યાનો માપ આવે તેનો ૩૩% ભાગ સતપંથ સમાજને આપવો, આમાંથી મેરવાણ વાડી જગ્યાનું માપ બાદ કર્યા બાદ બાકીની ખૂટતી જગ્યા માજન વાડીમાંથી આપવી. આ જગ્યાનો લોકેશન આપવાનો અધિકાર સનાતન સમાજને રહેશે.

૨) મેરવાણ વાળું જ્યોર્તિધામ મંદિર તેમના ટ્રસ્ટના નામે કરી આપવાનું રહેશે, જેનો ખર્ચ સતપંથ સમાજવાળાએ ભોગવવાનો રહેશે.

૩) જ્યોર્તિધામ મંદિર વાળો પ્લોટ અને ગોવિંદ કરસન ભગતવાળી જગ્યા ૩૨x૬૪ ના માપ પ્રમાણે એક જોટાના રૂપિયા તેર લાખ પચાસ હજાર, રૂા. ૬૫૯ સ્કવેર ફૂટ પ્રમાણે છે તે મિલ્કત સનાતન સમાજને આપવાની રહેશે. આ રકમ પેપર વર્ક પૂર્ણ થાય ત્યારે સતપંથ સમાજને આપવાની રહેશે.

૪) ટ્રસ્ટની મિલ્કત ટ્રાંસફર થવા બાબતે જેમના ભાગે આવતી હોય તેનો નામ બદલીનો ખર્ચ જેનાભાગે આવે તેમનો રહેશે.

૫) શ્રી દરસડી પાટીદાર સમાજ ટ્રસ્ટની જે મિલ્કતો છે તે આ બટવારા પછી નામ બદલી કરવું અથવા ટ્રસ્ટનું વિસર્જન કરવું.

૬) જુનું મંદિર અને ગોવિંદ કરસન ભગતની જગ્યાનું માપ ૫૩૬૪ ફૂટ જેના રૂા. ૬૫૯/- પર સ્કેવર ફીટ પ્રમાણે રૂા. ૩૫,૩૫,૦૦૦/- (પાંત્રીસ લાખ પાંત્રીસ હજાર પૂરા) સતપંથ સમાજને આપવાના રહેશે અને જુની સમાજવાડી (માજન વાડી)માંથી ૨૩૧૧ સ્કવેર ફૂટ આપવાની રહેશે.

૭) આ સમજુતી થયા બાદ મુંબઈ ખાતે તા. ૧૭-૦૭-૨૦૧૬ ના ડોંબીવલી પાટીદારવાડી ખાતે મળેલ સ્નેહમિલન મીટીંગમાં આ સુખદ સમાધાનની વિગતવાર જાણ કરવામાં આવી. આ માટે આપણે જે પૈસા સતપંથ સમાજને ચુકવવાના છે તે

માટે ગ્રામવાસીઓને ઉદાર હાથે ભુમિદાન રૂપે ફંડ આપવાની ટહેલ નાખી હતી. તેના પ્રતિસાદ રૂપે ત્યારે અંદાજે રૂા. ૧,૩૦,૦૦૦,૦૦/- એક કરોડ ત્રીસ લાખનો ફાળો નોંધાવેલ હતો. તેમજ ઓગસ્ટ ૨૦૧૬ માં દરસડી મધ્યે મુંબઈ સમાજના હોદ્દેદારો અને સ્થાનિક કારોબારી અને ગ્રામ વાસીઓની મીટીંગમાં આશરે રૂા. ૫૦/- પચાસ લાખ જેવો ફાળો નોંધાયેલ હતો.

૮) શ્રી દરસડી પાટીદાર સનાતન સમાજ અને સતપંથ સમાજના વડીલો સાથે થયેલ સમજુતી મુજબ સનાતન સમાજે ૨૩૧૧ સ્કવેર ફૂટ જમીન મહાજન વાડીના પ્લોટમાંથી આપવાની હતી. પરંતુ સતપંથ સમાજના આગેવાનોની મૌખિક વિનંતીના અનુસંધાને ઉપરોક્ત ભાવ પ્રમાણે પૈસાની ચુકવણી કરવામાં આવેલ અને આમ સમગ્ર મહાજન વાડીની જમીનની માલીકી શ્રી દરસડી પાટીદાર સનાતન સમાજની થઈ હતી.

૯) સમજુતી થયા મુજબ જે જુની મહાજન વાડીની જમીન આપણા કબજામાં આવી હતી તેને જમીનના પ્લોટ પાડીને વેંચાણ કરી, જમા થયેલ ભંડોળને નૂતન સમાજવાડીના બાંધકામ માટે વાપરી શકાય એ માટે સમાજમાં વિચારણા ચાલુ હતી. પરંતુ આ પ્રક્રિયા માટે ચેરીટી કમીશ્નરની પરવાનગી લેવી પડે. એટલે કે કાયદાકીય પ્રક્રિયા મુજબ પુર્ણ પ્લોટ વેચાણની પરમીશન લેવી પડે અને આ વેચાણની પ્રક્રિયામાં બહારના લોકો (જનરલ પબ્લીક) પણ બોલી, બોલી શકે. આ બાબતની માહિતી હોવાથી સચેત થઈને ચેરીટી કમિશ્નરની પરવાનગીથી તેની ઑફીસમાં ઉછામણી કરવામાં આવી.

આપણને આ જમીન સમાજ પાસે જ રહે તેમાં રસ હતો તે મુજબ મુંબઈ સમાજના પ્રમુખ શ્રી શીવલાલભાઈ વાસાણી અને દરસડી સમાજના મંત્રી શ્રી રવિલાલભાઈ ચૌહાણ, પ્રમુખશ્રી અરજણભાઈ સેંઘાણી, ઉપ પ્રમુખ શ્રી ખીમજી મુળજી સેંઘાણી, અમૃતભાઈ છાભૈયા શ્રી મનજી વિશ્રામ લીંબાણી વગેરે રાજકોટ ચેરીટી કમિશ્નરની ઑફીસમાં હાજર રહ્યા હતા. ત્યાં આપણા ભાઈઓ સિવાય માંડવી, સુરેન્દ્ર નગર અને બહારની જ્ઞાતિના અન્ય ભાઈઓએ પણ બોલીમાં હાજર રહીને ભાગ લીધો હતો અને પ્રમુખ શ્રી શીવલાલ લખમશી વાસાણી, શ્રી રવિલાલ સામજી સૌહાણ શ્રી દરસડી સનાતન સમાજ વતી બોલી બોલી રહ્યા હતા અને આ જમીન બીજાને ન જાય તે ધ્યાનમાં રાખી બોલી બોલી હતી અંતે શ્રી રવિલાલભાઈ સામજી ચૌહાણની બોલી સ્વીકારવામાં આવી જેની રકમ ૪૭.૫૦ લાખ હતી. (સમાજની અનુમતીથી સાડા સુડતાલીસ) લાખની બોલી બોલીને આ જગ્યાની કાયદાકીય રીતે માલિકી પ્રાપ્ત કરી હતી.

આ ઉછામણી પ્રક્રિયા બાદ તા. ૨૫-૦૨-૨૦૨૧ ના સંયુક્ત ચેરીટી કમિશ્નર શ્રી કચ્છ વિભાગ-રાજકોટ દ્વારા પરવાનગી મળી હતી. અને ઉપરોક્ત રકમ નિયત કરેલ સમયમાં ચેરીટી ઑફીસમાં જમા કરવાની રહેશે.

૧૦) આમ એક કાયદાકીય વિઘ્ન માતાજીની કૃપાથી પાર પાડેલ, પરંતુ આટલા પૈસા સમાજ પાસે તે વખતે હાથમાં ન હોવાથી રૂા. ચાલીસ લાખ શ્રી હરિલાલ ભાણજી પરવાડીયાએ નોમીનલ વ્યાજ સાથે આપવાની ઑફર કરી હતી. અને બાકીના ખૂટતા રૂા. દસ લાખ શ્રી જયંતિભાઈ છાભૈયા તરફથી વગર વ્યાજની લોન પેટે આપેલ હતા. આમ આ પૈસા ચેરીટી કમિશ્નરના ઓર્ડર મુજબ ટ્રસ્ટમાં ચુકવણી કરવામાં આવેલ હતી. આ માટે આ બંને ગ્રામવાસી ભાઈઓની ઉદારતાને બિરદાવવામાં આવી હતી.

૧૧) આમ હવે આપણી સમાજવાડી (માજન વાડી)ના પ્લોટ પાડીને ફંડ ભેગું કરવાનો રસ્તો સરળ બન્યો હતો. આ બાબતે તા. ૨૭-૦૮-૨૦૨૧ના રોજ દરસડી મધ્યે મુંબઈ અને સ્થાનિક કારોબારીની સંયુક્ત મીટીંગ રાખવામાં આવેલ હતી. જેમાં તે સમયે હાલની સમાજવાડીનું બાંધકામ જીર્ણ થયું હોવાથી તેને રિપેરીંગ કરવું અથવા સ્લેબના સળીયાઓ જુના થયા હોવાથી નવ નિમાર્ણ કરવું તે અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

ચર્ચા ને અંતે નૂતન સમાજભવન બનાવવું એવું નક્કી કરવામાં આવ્યું અને માજન વાડીની જગ્યામાં નાના પ્લોટ પાડી વેચાણ કરી ભંડોળ ભેગું કરવું. આ મુદ્દા પર સેંઘાણી પરિવારના સદસ્યોએ કહ્યું કે આ જમીન સેંઘાણી પરિવાર દ્વારા દાનમાં આપવામાં આવેલ છે. તેથી આ જમીન પર પ્લોટ પાડી વેચાણના કરી શકાય, દાનમાં આપેલ જમીનનું વેચાણ ન કરી શકાય. આના જવાબમાં મુંબઈ સમાજના પ્રમુખ શ્રી શિવલાલભાઈએ કહ્યું કે ચેરીટી કમિશ્નરના રેકોર્ડમાં આ જમીન

સેંઘાણી પરિવાર દ્વારા દાનમાં આપેલ છે તેવી કોઈ નોંધ નથી. જો સેંઘાણી પરિવાર પાસે કોઈ દસ્તાવેજ હોય તો વહેલી તકે સમાજને આપે, નહીં તો તેમાં પ્લોટ પાડીને વેચાણ કરવામાં આવશે.

આના અનુસંધાનમાં દરસડી મધ્યે મુંબઈ સમાજના પ્રમુખ દ્વારા ખાસ સભા બોલાવવામાં આવેલ. આ સમાજવાડીમાં પ્લોટ પાડીને વેચાણના વિરોધમાં ૧૩ તેર સભ્યો દ્વારા પત્ર લખવામાં આવેલ. આ પત્રમાં સહી કરનારમાંથી માત્ર એક જ સભ્ય આ મિટીંગમાં હાજર હતા અને બાકીના સભ્યો ગેરહાજર હતા. આ પત્ર વાંચવામાં આવેલ અને સર્વે ચર્ચાના અંતે હાજર રહેલ સભ્યો એ પ્લોટ પાડીને વેચવામાં સંમતિ આપેલ અને નકશો તૈયાર કર્યા બાદ બેઝીક રકમ/એરીયા જણાવવામાં આવશે. આ બધા પ્લોટની ઉછામણી કરવામાં આવશે જે વધુ ભાવ આપશે તેમને પ્લોટ એલોટ કરવામાં આવશે.

બંને સમાજની કારોબારીએ આ પ્લોટના એરિયા વગેરે ચકાસણી કર્યા બાદ તા. ૧૫-૦૨-૨૦૨૨ના ઉછામણી કરવાનું નક્કી કરેલ. જેમાં કોઈપણ સનાતની પરિવાર ઉછામણીમાં ભાગ લઈ શકશે તેવું નક્કી કરવામાં આવેલ. અ ા ઉછામણીમાં કુલ રૂા. ૧,૮૭,૦૦૦,૦૦ એક કરોડ સત્યાશી લાખ ભેગા થયેલ હતા.

આમ આપણને આ ભંડોળની બાંહેધરી મળતા નૂતન સમાજ ભવન બનાવવાનો વિચારને પ્રગતિ મળી હતી.

૧૨) આ અંગે દરસડી મધ્યે જુની સમાજવાડીને તોડીને નૂતન સમાજભવન બનાવવાની યોજના અને ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી. જેમાં નીચે મુજબના મુદ્દા પર ચર્ચા થઈ હતી.

જુના ઢાંચાને રિપેરીંગ કરીને ચાલે તો ચલાવવું એવો તર્ક અમુક ભાઈઓએ આપ્યો હતો. અથવા આને તોડીને અત્યારની વાડીની સમકક્ષ નવું બાંધકામ કરવું. જે પૈસા પ્લોટમાંથી આવશે તેટલીજ રકમમાંથી નવું બાંધકામ કરવું. આવા વિચારો અમુક વડીલો અને મુંબઈના પ્રમુખ શ્રી શિવલાલભાઈ વાસાણી દ્વારા સુચવવામાં આવેલ હતા. અનો આ પ્રકારના બાંધકામના નકશા પ્રમુખ શ્રી શિવલાલભાઈએ કચ્છમાંથી બનાવીને મુંબઈ સભામાં રજુ કર્યા હતા. ઉપરોક્ત રજુ કરેલ પ્લાન બાબત મુંબઈ અને સ્થાનિકભાઈઓની કારોબારીમાં ચર્ચા વિચારણા કરતા... બહુમતી સભ્યોનું માનવાનું એવું થયું કે આ પ્લાન પ્રમાણે જે ભવન બનશે તો તે નાનું બનશે. જો આવતા પચાસ વર્ષના ભવિષ્યની જરૂરિયાતો અને નવી પેઢીને અનુરૂપ વાડી આ પ્લાન મુજબ ચાલી નહી શકે.

શ્રી જયંતીભાઈ છાભૈયા એ રજુઆત કરી કે મુંબઈનો આર્કીટેક રાખી નૂતન સમાજભવન આધુનિક સુવિધા યુક્ત બનાવીએ. અને આ અંગે સર્વે કાર્યની જવાબદારી લેવાની તૈયારી બતાવી હતી.

શ્રી જયંતિભાઈના જણાવ્યા મુજબના પ્લાન પ્રમાણે બનાવવાના પ્રતિસાદમાં મુંબઈ પ્રમુખ શ્રી શીવલાલભાઈએ જણાવેલ કે આટલા મોટા બાંધકામ માટે મોટી રકમની જરૂર પડશે અને આટલું ભંડોળ ક્યાંથી ભેગું કરશું ? તે ઉપરાંત આટલા મોટા ભવનનો સ્થાનિકો નિભાવ ખર્ચની આવક કેવી રીતે ઉભી કરી શકાશે ? માટે આ સુચન પ્રત્યે તેમની નારાજગી વ્યક્ત કરી હતી. અને છેવટ સુધી એટલે કે નૂતન સમાજભવનના નિર્માણ બાંધકામ દરમિયાન ક્યારેય પણ હાજર ન રહીને અસહકાર વ્યક્ત કર્યો હતો જેની બાંધકામ સમિતીના સભ્યો દ્વારા સખેદ નોંધ લેવામાં આવેલ હતી, તેમના દ્વારા કોઈપણ પ્રકારનો વિરોધ કરેલ ન હતો. આમ બહુમતિ સભ્યો એ શ્રી જંયતિભાઈ છાભૈયાના નૂતન સમાજ ભવનના પ્લાનીંગ ને વધાવી અનુમોદન આપેલ હતું.

આમ નૂતન આધુનિક સમાજભવનનું પ્લાનિંગ શ્રી જયંતિભાઈ છાભૈયા એ આપણા ગામના જ યુવા સ્ટ્રકચરલ એન્જીનીયર શ્રી હરેશભાઈ છાભૈયા અને આર્કીટેક શ્રી કેતનભાઈ મીસ્ત્રીની ભુકંપ પ્રતિરોધક ડિઝાઈન મુજબ કરવામાં આવેલ હતું. તા. ૨૪.૦૫.૨૦૨૨ના ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના પાટોત્સવ વખતે ભુમી પૂજન માટે ઉછામણી કરવામાં આવેલ, જેનો ભુમિ પુજનનો લાભ શ્રી કરશન કાનજી પોકાર પરિવારે લીધેલ અને તા. ૨૭-૦૫-૨૦૨૨ના ભુમિ પુજન કર્યા બાદ જુની સમાજવાડીને તોડવાની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ. તે માટે બાંધકામ સમિતીની રચના કરવામાં આવેલ હતી.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧) | શ્રી જયંતીલાલ અરજણ છાભૈયા | મુંબઈ | ૧) | શ્રી અરજણ ધનજી સેંઘાણી | દરસડી |
| ૨) | શ્રી નરસિંહ સામજી સેંઘાણી | મુંબઈ | ૨) | શ્રી રવિલાલ સામજી ચૌહાણ | દરસડી |
| ૩) | શ્રી હરીલાલ ભાણજી પરવાડીયા | મુંબઈ | ૩) | શ્રી નરશી કાનજી સેંઘાણી | દરસડી |
| ૪) | શ્રી મણીલાલ મુળજી સેંઘાણી | મુંબઈ | ૪) | શ્રી ગોપાલ રાજા સેંઘાણી | દરસડી |
| | | | ૫) | શ્રી પરેશ સામજી સેંઘાણી | દરસડી |
| | | | ૬) | શ્રી મહેન્દ્ર વાલજી ડાયાણી | દરસડી |

આમ આવા બાંધકામ સમિતીના યુવા થનગનતા, કાર્ય માટે સંપુર્ણ જવાબદારીની ભાવના ધરાવતા સભ્યોએ વારંવાર મુંબઈથી આવીને આર્કીટેક અને એન્જીનીયર સાહેબોની દોરવણી મુજબ કાર્ય ને આગળ વધારતા ગયા.

આમ બાંધકામ સમિતીના મુંબઈના ભાઈઓના માર્ગદર્શન અને આર્કીટેક્ટની ડિઝાઈન મુજબ કાર્ય કરવાની જવાબદારી સ્થાનિક મુકામે શ્રી રવિલાલ સામજી ચૌહાણ અને શ્રી અરજણભાઈ સેંઘાણી, શ્રી નરસી કાનજી સેંઘાણી, શ્રી ગોપાલ રાજા સેંઘાણી, પરેશ સામજી સેંઘાણીએ ખૂબજ ઉત્સાહ અને ઉમંગ સાથે નિભાવેલ હતી, જેની મુંબઈના ભવન નિર્માણ કાર્ય સમ્રાટ ભાઈઓએ પણ નોંધ લઈને આભાર વ્યક્ત કર્યો હતો.

તા. ૨૩-૦૬-૨૦૨૩ ના રોજ મુંબઈ મુકામે દરસડીના સ્થાનિક પ્રમુખ તથા મુંબઈના પ્રમુખ અને મુંબઈ તથા દરસડીના કારોબારી સભ્યોની હાજરીમાં સ્નેહમિલન પ્રસંગે નૂતન પાટીદાર ભવન માટે નીચે મુજબના ચડાવાઓની ઉછામણી કરવામાં આવી હતી.

આ સભામાં મુંબઈના ઉપ પ્રમુખ શ્રી જયંતિભાઈ છાભૈયા અને વનીતાબાએ ઉછામણીમાં ખૂબજ ઉમંગ પુર્વક ભાગ લઈ સૌથી મોટો ચડાવો લઈ ગ્રામવાસીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

ઉછામણીના આ કાર્યક્રમનું સંચાલન મુંબઈ મહામંત્રી શ્રી નરસીભાઈ સેંઘાણી અને ખાસ ગાંધીનગરથી પધારેલ શ્રી દિલીપભાઈ સેંઘાણી એ સંયુક્ત રીતે ખૂબ જ છટાદાર વાણીથી લોકોને ઉછામણી માટે પ્રોત્સાહિત કર્યા હતા. અને આપ સૌ ગ્રામવાસીઓએ તેના પ્રતિસાદમાં દિલ ખોલીને દાનનો પ્રવાહ વહેડાવ્યો હતો તેના અમો આભારી છીએ.

## નુતન સમાજભવનના ચડાવાની વિગતો

| | | | |
|---|---|---|---|
| ૧) | હૉલ મેઝનીંગ સાથે | ૬૧,૦૦,૦૦૦ | સ્વ. અરજણ લાલજી છાભૈયા |
| ૨) | ડાઈનીંગ હૉલ | ૪૫,૦૦,૦૦૦ | શ્રીમતી પાર્વતીબેન મણીલાલ મુળજી સેંઘાણી<br>સ્વ. પ્રેમિલાબેન શામજી કરશન સેંઘાણી,<br>સ્વ. ભાણજી નથુ પરવાડીયા |
| ૩) | રસોડાનું નામકરણ | ૧૬,૦૦,૦૦૦ | સ્વ. સવિતાબેન ખીમજી સેંઘાણી પરિવાર |
| ૪) | રસોડાના ભુમિદાન | ૧૨,૫૧,૦૦૦ | સ્વ. વિશનજી પ્રેમજી સેંઘાણી પરિવાર |
| ૫) | લીફ્ટ | ૧૧,૧૧,૧૧૧ | સ્વ. કુંવરબેન હરજી ઉકાણી પરિવાર<br>શ્રીમતી હંસાબેન લાલજી ઉકાણી પરિવાર |
| ૬) | જમણના દાતા લાભ પાંચમના | ૧૧,૦૦,૦૦૦ | સ્વ. નેહલબેન શીવલાલ વાસાણી |
| ૭) | ઑફીસ-૧ | ૭,૦૧,૦૦૦ | સ્વ. લાલજી વાલજી રામજીયાણી |
| ૮) | ઑફીસ-૨ | ૭,૦૧,૦૦૦ | શ્રીમતી મોઘીબેન શીવગણ સેંઘાણી,<br>ગં. સ્વ. કસ્તુરબેન વિશનજી સેંઘાણી |

| | | | |
|---|---|---|---|
| ૯) | વરપક્ષ રૂમ-૧ | ૬,૭૫,૦૦૦ | શ્રી ઈશ્વરલાલ દેવશી દડગા,<br>શ્રી કાંતિલાલ લખમશી ચૌધરી |
| ૧૦) | કન્યા પક્ષ રૂમ-૨ | ૬,૭૫,૦૦૦ | શ્રીમતી ગોમતીબેન નથુરામ સેંઘાણી અને<br>શ્રીમતી કમળાબેન નવીન સેંઘાણી |
| ૧૧) | કન્યા પક્ષ રૂમ-૧ | ૫,૫૧,૦૦૦ | સ્વ. પુર્ણીમા ધનજી લીંબાણી પરિવાર |
| ૧૨) | વર પક્ષ રૂમ-૨ | ૫,૫૧,૦૦૦ | સ્વ. લક્ષ્મણ મનજી લીંબાણી પરિવાર<br>સ્વ. દેવજી મનજી લીંબાણી પરિવાર |
| ૧૩) | સ્ટોર રૂમ-૧ | ૫,૨૫,૦૦૦ | ગં.સ્વ. રતનબેન કાનજી સેંઘાણી,<br>શ્રીમતી લીલાબેન ગોપાલ સેંઘાણી, |
| ૧૪) | ફૂલવાડીની બાજુમાં એન્ટ્રી | ૫,૦૧,૦૦૦ | સ્વ. રૂક્ષમણીબેન અરજણ લીંબાણી, |
| ૧૫) | વરપક્ષ રૂમ-૧ | ૫,૦૧,૦૦૦ | શ્રી ડાયાલાલ કાનજી લીંબાણી<br>શ્રી માધવજી મેઘજી પોકાર |
| ૧૬) | રૂમ - ૭ (ગેસ્ટ રૂમ) | ૫,૦૧,૦૦૦ | શ્રીમતી ઝવેરબેન લખમશી સેંઘાણી<br>શ્રીમતી મોઘીબેન મણીલાલ સેંઘાણી |
| ૧૭) | રૂમ - ૨ (ગેસ્ટ રૂમ) | ૪,૫૧,૦૦૦ | સ્વ. લક્ષ્મીબેન વિશ્રામ ભાણજી લીંબાણી પરિવાર |
| ૧૮) | રૂમ - ૩ (ગેસ્ટ રૂમ) | ૪,૫૧,૦૦૦ | શ્રી દરસડી પાટીદાર સનાતન યુવક મંડળ મુંબઈ |
| ૧૯) | રૂમ - ૪ (ગેસ્ટ રૂમ) | ૪,૫૧,૦૦૦ | સ્વ. રવજી વાલજી ડાયાણી |
| ૨૦) | રૂમ - ૫ (ગેસ્ટ રૂમ) | ૪,૫૧,૦૦૦ | શ્રીમતી લક્ષ્મીબેન મોહનલાલ ડાયાણી<br>શ્રીમતી કુંવરબેન નારાયણ ડાયાણી |
| ૨૧) | રૂમ - ૬ (ગેસ્ટ રૂમ) | ૪,૫૧,૦૦૦ | સ્વ. રતનબેન નારાયણ ચૌહાણ<br>ગં. સ્વ. લક્ષ્મીબેન શામજી ચૌહાણ |
| ૨૨) | રસોયા માટે રસોડામાં રૂમ-૧ | ૪,૦૫,૦૦૦ | સ્વ. હીરાબેન હરિભાઈ છાભૈયા |
| ૨૩) | મોટા વાસણ વાળો રૂમ-૧ | ૪,૦૧,૦૦૦ | શ્રીમતી નર્મદાબેન લીલાધર વાસાણી |
| ૨૪) | રાધે કૃષ્ણના મંદિર બાજુ એન્ટ્રી ગેટ | ૪,૦૧,૦૦૦ | શ્રીમતી ટીના ભાવેશ સેંઘાણી<br>શ્રીમતી નિશા રોહીત સેંઘાણી |
| ૨૫) | રૂમ - ૧ (સ્ટોર રૂમ) | ૩,૫૧,૦૦૦ | શ્રીમતી કસ્તુરબેન અરજણ ધનજી સેંઘાણી પરિવાર |